dailyhunt સંજોગ ન્યૂઝ
અમરેલી નું સુપ્રસિદ્ધ દૈનિક સંજોગ ન્યૂઝ હવે Dailyhunt પર...
અમરેલી ગુજરાત સહિત દેશ વિદેશ, રમતગમત તમામ સમાચાર
વાંચવા માટે Dailyhunt પર સંજોગ ન્યૂઝને ફોલો કરો.
https://dhunt.in/RbYBS

# સંજોગ ન્યૂઝ

SANJOG NEWS DAILY GUJARATI - AMRELI, RNI NO. GUJGUJ/2017/75270, Postal Reg.No.AMR/207/Validup to 2024-26


Year -09 | Issue- 24 | AD - 2025, Kartak Sud-06 | Tuesday, Dt.28-10-2025 | Editor : Vasant Movliya : Phone : (02792) 225225 | E-mail : sanjognews@gmail.com | Page-08 Price : Rs.3-00

### પીએમ મોદીએ મલેશિયામાં આયોજિત આસિયાન-ભારત સમિટમાં વર્ચ્યુઅલી ભાગ લીધો

## આસિયાન ભારતની એક્ટ ઈસ્ટ પોલિસીનો મુખ્ય આધારસ્તંભ : મોદી

નવીદિલ્હી,તા.૨૭

પીએમ મોદીએ મલેશિયામાં આયોજિત આસિયાન-ભારત સમિટમાં વર્ચ્યુઅલી ભાગ લીધો હતો. પીએમ મોદીએ અહીં કહ્યું, "મને ફરી એકવાર મારા આસિયાન પરિવારને મળવાની તક મળી છે. હું આસિયાનના સફળ અધ્યક્ષપદ માટે પ્રધાનમંત્રી અનવર ઈબ્રાહિમને અભિનંદન આપું છું. પીએમ મોદીએ કહ્યું કે ભારત અને આસિયાન એકસાથે વિશ્વની લગભગ એક ચતુર્થાંશ વસ્તીનું પ્રતિનિધિત્વ કરે છે. આપણે ફક્ત ભૂગોળ દ્વારા જ નહીં પરંતુ ઊંડા ઐતિહાસિક સંબંધો અને સહિયારા મૂલ્યો દ્વારા પણ જોડાયેલા છીએ. આપણે ફક્ત વેપાર જ નહીં પણ સાંસ્કૃતિક ભાગીદાર પણ છીએ. આસિયાન ભારતની એક્ટ ઈસ્ટ પોલિસીનો મુખ્ય આધારસ્તંભ છે. ભારતે હંમેશા આસિયાન સેન્ટ્રલિટી અને ઈન્ડો-પેસિફિક પર આસિયાનના આઉટલુકને સંપૂર્ણ સમર્થન આપ્યું છે." પીએમ મોદીએ કહ્યું, "અનિશ્ચિતતાના આ સમયગાળામાં પણ, ભારત-આસિયાન વ્યાપક વ્યૂહાત્મક ભાગીદારીએ સતત પ્રગતિ કરી છે. અમારી મજબૂત ભાગીદારી વૈશ્વિક સ્થિરતા અને વિકાસ માટે એક શક્તિશાળી પાયા તરીકે ઉભરી રહી છે. આ વર્ષની આસિયાન સમિટ થીમ સમાવિષ્ટતા અને ટકાઉપણું છે. આ થીમ અમારા સહિયારા પ્રયાસોમાં સ્પષ્ટ છે, પછી ભલે તે ડિજિટલ સમાવેશ હોય કે વર્તમાન વૈશ્વિક પડકારો વચ્ચે ખાદ્ય સુરક્ષા અને સ્થિતિસ્થાપક પુરવઠા શૃંખલાઓ સુનિશ્ચિત કરવી. ભારત આ પ્રાથમિકતાઓને સંપૂર્ણ સમર્થન આપે છે અને આ દિશામાં સાથે મળીને આગળ વધવા માટે પ્રતિબદ્ધ છે."



પીએમ મોદીએ કહ્યું, "ભારત દરેક કટોકટીમાં તેના આસિયાન મિત્રો સાથે મજબૂત રીતે ઉભું રહ્યું છે. દરેક ક્ષેત્રમાં અમારો સહયોગ ઝડપથી વધી રહ્યો છે. આને ધ્યાનમાં રાખીને, અમે ૨૦૨૬ ને આસિયાન-ભારત દરિયાઈ સહયોગ વર્ષ તરીકે જાહેર કરીએ છીએ. અમે શિક્ષણ, પર્યટન, વિજ્ઞાન અને ટેકનોલોજી, રમતગમત, ગ્રીન એનર્જી અને સાયબર સુરક્ષામાં પણ પરસ્પર સહયોગને મજબૂત રીતે આગળ વધારી રહ્યા છીએ. અમે અમારા સહિયારા સાંસ્કૃતિક વારસાને જાળવવા અને લોકો-થી-લોકોના સંબંધોને મજબૂત બનાવવા માટે સાથે મળીને કામ કરવાનું ચાલુ રાખીશું. ૨૧મી સદી આપણી સદી છે, ભારત અને આસિયાનની સદી. મને વિશ્વાસ છે કે આસિયાન સમુદાય વિઝન ૨૦૪૫ અને વિકસિત ભારત ૨૦૪૭ નું લક્ષ્ય સમગ્ર માનવતા માટે ઉજ્જવળ ભવિષ્ય બનાવશે." ૨૨મી આસિયાન સમિટ ૨૦૨૫ ને વર્ચ્યુઅલી સંબોધતા, પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ કહ્યું કે આ આસિયાન સમિટનો વિષય સમાવેશીતા અને ટકાઉપણું છે, જે ડિજિટલ સમાવેશીતા, ખાદ્ય સુરક્ષા અને મજબૂત પુરવઠા શૃંખલા જેવા સહિયારા પ્રયાસોમાં સ્પષ્ટપણે પ્રતિબિંબિત થાય છે. ભારત આ પ્રાથમિકતાઓને સમર્થન આપે છે અને આ દિશામાં સાથે મળીને આગળ વધવા માટે પ્રતિબદ્ધ છે.

મોદીએ કહ્યું કે ભારત હંમેશા તેના આસિયાન ભાગીદારો સાથે ઊભું રહ્યું છે, પછી ભલે તે કુદરતી આફતોનો સામનો કરે કે અન્ય પડકારોનો સામનો કરે. તેમણે HADR (માનવતાવાદી સહાય અને આપત્તિ રાહત), દરિયાઈ સુરક્ષા અને વાદળી અર્થતંત્રમાં વધતી ભાગીદારીનો પણ ઉલ્લેખ કર્યો. મોદીએ શિક્ષણ, પર્યટન, વિજ્ઞાન અને ટેકનોલોજી, આરોગ્ય, ગ્રીન એનર્જી અને સાયબર સુરક્ષામાં દ્વિપક્ષીય સહયોગને મજબૂત બનાવવાનું પણ વચન આપ્યું. તેમણે કહ્યું, "આપણે આપણા સહિયારા સાંસ્કૃતિક વારસાને જાળવી રાખવા અને લોકો વચ્ચેના સંબંધોને મજબૂત બનાવવા માટે કામ કરવાનું ચાલુ રાખીશું." વડાપ્રધાન મોદીએ કહ્યું, "૨૧મી સદી આપણી સદી છે. તે ભારત અને આસિયાનની સદી છે. મને વિશ્વાસ છે કે 'આસિયાન કોમ્યુનિટી વિઝન ૨૦૪૫' અને 'વિકસિત ભારત ૨૦૪૭' ના ધ્યેયો સમગ્ર માનવતા માટે ઉજ્જવળ ભવિષ્યનો માર્ગ મોકળો કરશે. ભારત તમારા બધા સાથે ખભે ખભા મિલાવીને કામ કરવા માટે પ્રતિબદ્ધ છે." ૨૬ થી ૨૮ ઓક્ટોબર સુધી ચાલનાર ત્રણ દિવસીય સમિટમાં મલેશિયાના વડાપ્રધાન અનવર ઈબ્રાહિમ આસિયાન દેશોના વડાઓ તેમજ યુનાઈટેડ સ્ટેટ્સ, ચીન, જાપાન, દક્ષિણ કોરિયા અને અન્ય દેશોના પ્રતિનિધિઓનું આયોજન કરી રહ્યા છે. કુલ દસ સભ્ય દેશો સાથે ૩૦ થી વધુ રાષ્ટ્રના વડાઓને આમંત્રણ આપવામાં આવ્યું છે.

### ઓડિશા, આંધ્ર પ્રદેશ અને તમિલનાડુ માટે રેડ એલર્ટ જાહેર

## આજે આંધ્ર પ્રદેશના કાકીનાડાના દરિયાકાંઠે વાવાઝોડુ મોન્થા ત્રાટકશે, ભારે વરસાદની શક્યતા

**વાવાઝોડા મોન્થાએ હવે ગંભીર સ્વરૂપ ધારણ કર્યુ**



હૈદરાબાદ,તા.૨૭

બંગાળની ખાડીમાં વિકસિત થઈ રહેલા વાવાઝોડા મોન્થાએ હવે ગંભીર સ્વરૂપ ધારણ કર્યુ છે. ભારતીય હવામાન વિભાગ મુજબ આ ડિપ્રેશન હવે ચક્રવાતી તોફાનમાં ફેરવાઈ ચૂક્યું છે અને આગામી ૨૪ કલાકમાં ગંભીર ચક્રવાતી તોફાન બની શકે છે. હવામાન ખાતાએ કહ્યું કે આ ડીપ ડિપ્રેશનમાં ફેરવાઈ ગયું જે તોફાની ચક્રવાતમાં ફેરવાશે. ત્યારબાદ ૨૮મીએ સાંજે અથવા રાત્રે આંધ્ર પ્રદેશના કાકીનાડાના દરિયાકાંઠે ત્રાટકી શકે છે. તોફાની વાવાઝોડાને લીધે આંધ્ર, તેલંગાણા, ઓડિશા, તમિલનાડુમાં ૯૦થી ૧૦૦ કિમી પ્રતિ કલાકની ઝડપે પવન ફૂંકાઈ શકે છે. ભારે વરસાદની શક્યતા છે. મોન્થા વાવાઝોડું આગામી ૪૮ કલાકમાં ભયાનક સ્વરૂપ ધારણ કરી શકે છે. ૨૮થી ૨૯ તારીખ સુધીનો સમય ભારે કહી શકાય જેથી દરિયાકાંઠાના વિસ્તારોમાં તબાહી મચી શકે છે. માછીમારોને દરિયામાં ન જવાની સૂચના અપાઈ છે. હવામાન ખાતાએ ૨૮થી ૨૯ સુધી યલો એલર્ટ જાહેર કર્યું છે. ૩૦મી સુધી ઓરેન્જ એલર્ટ જાહેર કરાયું છે. આ વાવાઝોડું મછલીપટ્ટનમ અને કાલિંગપટ્ટનમ વચ્ચેથી પસાર થશે અને કાકીનાડાની આસપાસ તેના આંધ્ર પ્રદેશના તટને પાર કરવાનું અનુમાન છે. જેનાથી ઓડિશા, આંધ્ર, તમિલનાડુ, પશ્ચિમ બંગાળ, તેલંગાણા, છત્તીસગઢ સહિત ૭ રાજ્યો પ્રભાવિત થઈ શકે છે. ઓડિશાના તમામ ૩૦ જિલ્લા એલર્ટ પર છે. આંધ્રના કાકીનાડા, કોનાસિમા, એલુરુ, વેસ્ટ ગોદાવરી, કૃષ્ણા, ગૂંટુર, ભટલા, પ્રાકાસમ અને એસપીએસઆર નેલ્લોર જિલ્લામાં વધુ જોખમ છે. તમિલનાડુના ચેન્નાઈ, તિરુવલ્લુર અને રાનીપેટમાં પણ પ્રભાવ જોવા મળી શકે છે. આઈએમડીએ સમુદ્રી વિસ્તારોમાં ઊંચી લહેરો અને કાંઠા વિસ્તારોમાં પૂરની ચેતવણી બહાર પાડી છે. આઈએમડીએ ઓડિશા, આંધ્ર પ્રદેશ, અને તમિલનાડુ માટે રેડ એલર્ટ જાહેર કર્યું છે. જ્યાં ૨૮-૨૯ ઓક્ટોબરે ભારેથી અતિભારે વરસાદની સંભાવના છે. આંધ્રના ૯ જિલ્લાઓમાં રેડ એલર્ટ છે જ્યારે બાકી ભાગોમાં જેમ કે તમિલનાડુ અને ઓડિશામાં ઓરેન્જ એલર્ટ લાગુ છે. પશ્ચિમ બંગાળ, તેલંગાણા અને છત્તીસગઢમાં પણ ભારે વરસાદનું અનુમાન છે. પવનની ગતિ ૧૧૦ કિમી પ્રતિ કલાક સુધી પહોંચી શકે છે. જેનાથી ઝાડ ઉખડવાના અને પૂરનું જોખમ છે. માછીમારોને ૨૯ ઓક્ટોબર સુધી સમુદ્રમાં ન જવાની વોર્નિંગ અપાઈ છે. આ ઉપરાંત મધ્ય પ્રદેશ, ઝારખંડ, ઉત્તર પ્રદેશ, રાજસ્થાનમાં પણ ભારે વરસાદનું એલર્ટ અપાયું છે. લોકોને સુરક્ષિત જગ્યાઓ પર ખસેડવામાં આવી રહ્યા છે. આંધ્રમાં કાકીનાડા અને કોનાસિમાના ૩૬ કાંઠા વિસ્તારના ગામોમાં ૬૦૦૦થી વધુ લોકોને સુરક્ષિત જગ્યાએ પહોંચાડવામાં આવ્યા છે. જેમાંથી ૪૨૮ ગર્ભવતી મહિલાઓ છે.



સંજોગ ન્યૂઝ
આપણું અમરેલી
મંગળવાર, તા.૨૮-૧૦-૨૦૨૫

### કાયદા-ઉર્જા મંત્રી કૌશિકભાઈ વેકરીયાના વરદ હસ્તે

# મોટા ભંડારીયા ગામે વિવિધ કામોનું ખાતમુહૂર્ત કરવામાં આવ્યું

**ઉપસરપંચે કરેલી રજૂઆત રંગ લાવી**

અમરેલી,તા.૨૭

લાભ પાંચમના શુભ દિવસે અમરેલીના મોટા ભંડારીયા ગામે ધારાસભ્યના વરદ હસ્તે વિવિધ કામોનું ખાતમુહૂર્ત કરવામા આવ્યું હતું. અમરેલી તાલુકાના મોટા ભંડારીયા ગામે ઉપસરપંચ દ્વારા રજૂઆતો રંગ લાવી હતી. ગામની અંદર આપાગીગાની પ્રસાદીનો અવેડો અને ચબૂતરાનું લોકાર્પણ કરવામાં આવ્યું હતું. તેમજ મોટા ભંડારીયા ગામના પ્રવેશદ્વારનું ખાતમુહૂર્ત કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે કાયદા મંત્રી કૌશિકભાઈ વેકરીયા તથા જિલ્લા પંચાયત બાંધકામ સમિતિના ચેરમેન પ્રવીણભાઈ માંગરોળીયા અને ખેડૂત અગ્રણી જયસુખભાઈ કસવાલા અને મોટા ભંડારીયાના સરપંચ ભરતભાઈ કસવાલા, ગ્રામ પંચાયતના સદસ્યો તેમજ મોટા ભંડારીયાના ગ્રામજનો હાજર રહ્યાં હતા. ગ્રામજનો દ્વારા રાજયમંત્રી કૌશિકભાઈ વેકરીયાનું સન્માન કરવામાં આવ્યુ હતું.





# કમોસમી વરસાદથી ખેડૂતોને નુકસાન અંગે યુવા નેતા મનીષ સંઘાણીની મુખ્યમંત્રીને રજૂઆત

અમરેલી, તા.૨૭

દરિયામાં સર્જાયેલા સાયક્લોનને કારણે અમરેલી જિલ્લામાં ભારે વરસાદથી મગફળી, કપાસ, તલ, બાજરો અને કઠોળ જેવા પાકોને ભારે નુકસાન થયું છે. ખેડૂતોના પાકને વ્યાપક નુકસાનીને ધ્યાનમાં રાખી ગુજરાત પ્રદેશ ભાજપ યુવા મોરચાના ઉપાધ્યક્ષ અને અમરેલી જિલ્લા સહકારી સંઘના અધ્યક્ષ મનીષભાઈ સંઘાણીએ મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલ, કેબિનેટ કૃષિમંત્રી જીતુભાઈ વાઘાણી તથા રાજ્ય કક્ષાના કૃષિ મંત્રી રમેશભાઈ કટારાને પત્ર પાઠવી તાત્કાલિક સર્વે કરી યોગ્ય વળતર ચૂકવવાની રજૂઆત કરી છે.



### દિવાળીના તહેવારોમાં રક્તની અછત દૂર કરવા 'સ્વર્ણિમ ગુજરાત યુથ ફાઉન્ડેશન'ના સહયોગથી રક્તદાન કેમ્પ યોજાયો

# જેઠિયાવદર ગામે હીરપરા પરિવાર દ્વારા ભાગવત સપ્તાહ નિમિત્તે રક્તદાન કેમ્પ યોજાયો

બગસરા, તા.૨૭

બગસરા તાલુકાના જેઠિયાવદર ગામે હીરપરા પરિવાર દ્વારા આયોજિત શ્રીમદ ભાગવત સપ્તાહ જ્ઞાનયજ્ઞના પાવન પ્રસંગે રક્તદાન કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. પરિવારના ભોળાભાઈ અને રમેશભાઈ હીરપરા દ્વારા આયોજિત આ કેમ્પમાં મોટી સંખ્યામાં રક્તદાતાઓએ રક્તદાન કરીને દિવાળીના તહેવારોમાં સર્જાતી રક્તની અછતને દૂર કરવામાં મદદ કરી હતી. આ કેમ્પનું આયોજન 'સ્વર્ણિમ ગુજરાત યુથ ફાઉન્ડેશન, સુરત' દ્વારા કરવામાં આવ્યું હતું. સંસ્થાના પ્રમુખ ઘનશ્યામ બિરલાએ માહિતી આપતા જણાવ્યું હતું કે, હીરપરા પરિવારના ધાર્મિક આયોજનની સાથે સામાજિક કાર્ય થાય તેવા ઉદ્દેશથી આ રક્તદાન કેમ્પ યોજાયો હતો. કમોસમી વરસાદની સિઝનને કારણે ભાગવત સપ્તાહના ગ્રાઉન્ડમાં પાણી અને કાદવ-કીચડ હોવા છતાં, તેમજ ધીમી ધારે વરસાદ ચાલુ હોવા છતાં, રક્તદાતાઓએ ઉત્સાહભેર ભાગ લીધો હતો. ગ્રાઉન્ડની બાજુમાં આવેલા એક મકાનમાં આ કેમ્પનું સ્થળાંતર કરવામાં આવ્યું હતું, જ્યાં બહેનો સહિત મોટી સંખ્યામાં રક્તદાતાઓએ રક્તદાન કર્યું હતું. આ કેમ્પમાં એકત્ર થયેલ કુલ ૫૧ બોટલ રક્ત મહુવાની નવકાર બ્લડ બેન્કને અર્પણ કરવામાં આવ્યું હતું. રક્તદાન કરનારા તમામ દાતાઓને પરિવાર તરફથી ગિફ્ટ અને સન્માનપત્રક આપીને તેમનો આભાર વ્યક્ત કરવામાં આવ્યો હતો.



# રાભડા-કણકોટ માર્ગ પર દીવાલ તૂટી પોલીસની સતર્કતાથી મોટી દુર્ઘટના ટળી

અમરેલી,તા.૨૭

રાભડા-કણકોટને જોડતા માર્ગ પર રામતલિયુ નદી નજીક દીવાલ તૂટી પડતા રસ્તાનો મોટો ભાગ ધોવાઈ ગયો હતો, જેનાથી વાહનવ્યવહાર માટે અકસ્માતનું મોટુ જોખમ ઊભું થયું હતું. માહિતી મળતા જ ડુંગર પોલીસ સ્ટેશનના અધિકારીઓએ પરિસ્થિતિની ગંભીરતાને ધ્યાને લઈ તાત્કાલિક હોમગાર્ડ જવાનોને બંદોબસ્ત માટે મોકલ્યા હતા. હોમગાર્ડ જવાનોએ ધોવાણ થયેલા રસ્તાની બંને તરફ સતર્ક બંદોબસ્ત ગોઠવી વાહનચાલકોને ચેતવણી આપી અને ટ્રાફિકનું નિયંત્રણ કર્યું હતું. પોલીસની આ ત્વરિત કામગીરીથી મોટી જાનહાનિ કે દુર્ઘટના થતી ટળી હતી.



# માવઠાને કારણે થયેલા નુકસાનથી ખેડૂતોને સહાય આપવા જનક તળાવીયાની માંગ

અમરેલી, તા.૨૭

અમરેલી જિલ્લામાં તાજેતરમાં પડેલા અણધાર્યા માવઠાને કારણે ખેડૂતોને ભારે નુકસાન સહન કરવું પડ્યું છે. છેલ્લા કેટલાક દિવસોમાં પડેલા અચાનક વરસાદથી કપાસ, મગફળી, તલ, જુવાર તેમજ શાકભાજી પાકોમાં ભારે નુકસાન નોંધાયું છે. ઘણા વિસ્તારોમાં ખેતરોમાં પાણી ભરાઈ જવાથી ખેડૂતોના ખેતીકાર્ય તથા પાક કાપણીના કામમાં અવરોધ ઊભો થયો છે. આ સંજોગોમાં લાઠી-બાબરાના ધારાસભ્ય જનકભાઈ તળાવીયાએ રાજ્યના મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલ તથા કૃષિ મંત્રી જીતુભાઈ વાઘાણીને પત્ર લખી તાત્કાલિક પગલાં લેવાની માંગ કરી છે.

**CHANGE OF NAME & SURNAME**

I Undersing RAMANI BHAVESH BABUBHAI have changed my name from RAMANI BHAVESHKUMAR BABUBHAI To RAMANI BHAVESH BABUBHAI Now i will be known as RAMANI BHAVESH BABUBHAI
Sing : RAMANI BHAVESH BABUBHAI
Address : RAMANI NAGAR-2,B/H BRAHMAN SOCIETY, OPP TELEPHONE QUARTER, AT-AMRELI-DIS-AMRELI-365601


**CHANGE OF NAME & SURNAME**

I Undersing RAMANI ALPA BHAVESH have changed my name from RAMANI ALPABEN BHAVESHKUMAR To RAMANI ALPA BHAVESH Now i will be known as RAMANI ALPA BHAVESH
Sing : RAMANI ALPA BHAVESH
Address : RAMANI NAGAR-2,B/H BRAHMAN SOCIETY, OPP TELEPHONE QUARTER, AT-AMRELI-DIS-AMRELI-365601

# બગસરાના મોટા મુંજીયાસર ગામે પરિવારનો પ્રાણીપ્રેમ સામે આવ્યો

બગસરા, તા.૨૭

બગસરા તાલુકાના મોટા મુંજીયાસર ગામે રબારી પરિવારનો પ્રાણીપ્રેમ સામે આવ્યો છે. ખીસકોલીએ ૪ બચ્ચાને જન્મ આપ્યા બાદ મૃત્યુ પામતા રબારી પરિવાર દ્વારા તેના બચ્ચાની સાર-સંભાળ રાખવામાં આવી રહી છે. મોટા મુંજીયાસર ગામે રહેતા હકાભાઈ રબારી દ્વારા ખીસકોલીના બચ્ચાની દેખરેખ રાખી સાર-સંભાળ રાખવામાં આવી રહી છે. આ અંગે હકાભાઈ રબારીએ જણાવ્યું હતું કે, ગામની પ્રાથમિક શાળામાં ખીસકોલીએ બનાવેલા માળામાં અચાનક જ ૪ બચ્ચા નીચે પડી ગયા હતા જેથી આ બચ્ચાને ફરીવાર માળામાં મુકવા જતાં જોયુ તો ખીસકોલીના પગમાં દોરના ગૂંચળા ભરાઈ ગયા હતા અને મૃત્યુ પામી હતી જેથી માત્ર ૩ દિવસના આ બચ્ચાની સાર-સંભાળ થાય તે માટે ઘરે લાવી સાચવવામાં આવ્યા છે. આ બચ્ચાને રોજ ઈન્જેકશન મારફતે દૂધ આપવામાં આવતું હતું જો કે બચ્ચા ૨૫ દિવસના થઈ ગયા બાદ સફરજન, બાફેલા ચણા સહિતનો ખોરાક આપવામાં આવે છે. બચ્ચાને બપોરના સમયે પંખા નીચે અને રાત્રીના રૂ ભરેલા બાસ્કેટમાં રાખી ઉછેરવામાં આવી રહ્યા છે. જયારે પણ પરિવારના સભ્યો બાસ્કેટ ખોલે એટલે બચ્ચા તેમના શરીર પર ચડી કુદાકૂદ કરે છે. હાલ તો આ બચ્ચા પરિવારના સભ્ય જેવા બની ગયા છે. આમ, રબારી પરિવારે ખીસકોલીના બચ્ચાની સાર-સંભાળ લઈ પોતાનો પ્રાણીપ્રેમ દેખાડ્યો છે.



# રામપુરમાં ત્રિ દિવસીય યજ્ઞ અને મૂર્તિ પ્રતિષ્ઠા મહોત્સવ યોજાયો

રામપુર,તા.૨૭

રામપુરમાં શ્રી દાનગીગેવ જન્મભૂમિ ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા ત્રિ દિવસીય યજ્ઞ અને મૂર્તિ પ્રતિષ્ઠા મહોત્સવ યોજાયો હતો. ગામલોકોએ સાથે મળીને સતાધારના સંત શ્રી આપાગીગાના જન્મ સ્થળ રામપુરમાં આ મહોત્સવનું ભવ્ય આયોજન કર્યું હતું. મહોત્સવમાં ચુડા સોરઠ ગામના ગધય સમાજ દ્વારા નેજો (નિશાન) ચડાવવામાં આવ્યો હતો અને રક્તદાન કેમ્પ પણ યોજાયો હતો. મહોત્સવમાં અનેક સંતોની પણ પધરામણી થઈ હતી. મહોત્સવમાં માનવ મહેરામણ ઉમટ્યો હતો અને રાસ-ગરબાની રમઝટ સાથે સંતવાણીનું પણ ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે નવનિયુક્ત કાયદા રાજ્ય મંત્રી કૌશિકભાઈ વેકરીયા ખાસ ઉપસ્થિત રહ્યા હતા. ૧૧ ગામના લોકોએ મહાપ્રસાદ લીધો હતો.






Jitendra Sanghani
Cell : 98254 22922
MARUTI SUZUKI
મારૂતિ સુઝુકી સર્વિસ સ્ટેશનનું એકમાત્ર સ્થળ તથા
સંપૂર્ણ આધુનિક સુવિધા સાથેનો વિશ્વાસપાત્ર અને અનુભવી સ્ટાફ
**કારકેર સેન્ટર**
(Maruti Authorised Workshop)



વ્હીલ એલાઈમેન્ટ,વ્હીલ બેલેન્સીંગ, મીકેનીક કામ, રીપેરીગ, વોશિગ તેમજ સર્વિસ કરી આપનાર
ચકકરગઢ રોડ, અમરેલી-૩૬૫ ૬૦૧
ફોનઃ ૦૨૭૯૨ ૨૨૦૦૯૯, E-mail: carcarerushi@rediffmail.com

**-// એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ સાહેબ કોડીનારની કોર્ટમાં //-**

નં.જન્મ-મરણ કેસ.નં.૫૯/૨૦૨૫

પ્રતિ,
શ્રી ખીમાભાઈ દેવસીભાઈ પરમાર,
રહે.શેઢાયા, ગામ-શેઢાયા,
તાલુકો-કોડીનાર, જિલ્લો-ગીર સોમનાથ
વકીલશ્રી એમ.એમ.કાતીરા, કોડીનાર .....અરજદાર

વિરૂધ્ધ
રજીસ્ટારશ્રી (જન્મ-મરણ) અને તલાટી-કમ-મંત્રીશ્રી, ગ્રામ પંચાયત કચેરી, શેઢાયા,
તાલુકો-કોડીનાર, જિલ્લો-ગીર સોમનાથ ......સામાવાળા

**-:: જાહેર નોટીસ ::-**

આથી લાગતા વળગતાઓને આ નોટીસથી જાણ કરવામાં આવે છે કે, ગીર સોમનાથ જિલ્લાના કોડીનાર તાલુકાના શેઢાયા ગામના રહીશ શ્રી ખીમાભાઈ દેવસીભાઈ પરમારના માતા કલુબેન દેવસીભાઈ પરમારનું મરણ તારીખ : ૦૭/૦૩/૨૦૦૧ ના રોજ કોડીનાર તાલુકાના શેઢાયા ગામ ખાતે થયેલ છે. જેની મરણની નોંધ કોડીનાર તાલુકાના શેઢાયાના સને.૨૦૦૧ ના મરણ રજીસ્ટરે લખવાની રહી ગયેલ છે. જે નામ મરણ રજીસ્ટરે નોંધ કરવા અત્રેની કોર્ટમાં અરજી કરેલ છે. આ કામના સામાવાળાને મરણ નોંધ દફતરે ચડાવી આપવા સામે કોઈને વાંધો હરકત સરખુ હોય તો તેમને જાતે અગર તેમના મુખત્યાર અથવા વકીલ મારફત અત્રેની કોર્ટમાં મુદત તા.૨૮/૧૦/૨૦૨૫ના રોજ ૧૫:૦૦ કલાકે વાંધા તકરાર સાથે હાજર રહેવુ અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે.

આજ તા.૧૫/૧૦/૨૦૨૫ ના રોજ મારી સહી તથા સિક્કો કરીને આપ્યા.

સહી,
(એચ.કે.ભાસ્કર)
એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ
કોડીનાર



# પૂર્વ સાંસદ નારણ કાછડીયાએ જિલ્લામાં ખેડૂતો માટે સહાય પેકેજ જાહેર કરવા મુખ્યમંત્રીને રજૂઆત કરી

અમરેલી,તા.૨૭



અમરેલીના પૂર્વ સાંસદ નારણભાઈ કાછડીયાએ અમરેલી જિલ્લામાં માવઠાથી ખેડૂતોને થયેલા નુકસાનનો સર્વે કરાવીને તેમને માટે સહાય પેકેજ જાહેર કરવા મુખ્યમંત્રીને પત્ર લખ્યો છે. તેમણે જણાવ્યું હતું કે, તાજેતરમાં અમરેલી જિલ્લામાં ઠેક ઠેકાણે કમોસમી વરસાદ પડેલ છે.

જિલ્લાના અલગ અલગ તાલુકાઓમાં અનુમાનિત ૩ ઈંચથી લઈ ૧૨ ઈંચ સુધી વરસાદ પડેલ છે.

જેના લીધે જિલ્લામાં ખેડૂતોને કપાસ, ડુંગળી, એરંડા સહિતના પાકોને વ્યાપક પ્રમાણમાં નુકસાન થયેલ છે. ખેતરોમાં મગફળીના ઉભા પાક તથા પાથરા (ઢગલા) પડેલ હતા તેને પણ પુષ્કળ પ્રમાણમાં નુકસાન થયેલ છે. આથી આવી નુકસાનીનો તાત્કાલિક સર્વે થાય તે માટે જિલ્લા વહીવટી તંત્રને જરૂરી સૂચના આપવા અને સરકાર તરફથી સત્વરે સહાય પેકેજ જાહેર કરવાની માગણી કરી હતી. આ પત્રની નકલ કૃષિ મંત્રી, જિલ્લા કલેકટર અને જિલ્લા ખેતીવાડી અધિકારીને પણ મોકલી છે.

# પીઠવડીના સરપંચની માવઠાથી થયેલ નુકસાનની સહાય ચુકવવા મુખ્યમંત્રી સમક્ષ માગણી

અમરેલી,તા.૨૭



અમરેલી જિલ્લામાં પડેલા કમોસમી વરસાદના કારણે થયેલ નુકસાનની સહાય ચુકવવા માટે સાવરકુંડલાના પીઠવડી ગામના સરપંચ ભૌતિક સુહાગિયાએ મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલને પત્ર લખ્યો છે. તેમણે પત્રમાં જમાવ્યું હતું કે, સમગ્ર અમરેલી જિલ્લા સહિત અનેક વિસ્તારોમાં છેલ્લા ત્રણ દિવસથી રાત-દિવસ એકધારો વરસાદ વરસી રહ્યો છે, આ કમોસમી વરસાદને લીધે ખેડૂતોને મગફળી, કપાસ સહિત અનેક તૈયાર થયેલ પાકોમાં તેમજ ઉભા પાકોમાં ખુબ જ મોટા પ્રમાણમાં નુકસાન થયું છે, તો આ બાબતે તાત્કાલિક ધોરણે સર્વે કરાવી ખેડૂતોને સહાય આપવી જોઈએ. તેમણે આ પત્રની નકલ કૃષિ મંત્રી જીતુભાઈ વાઘાણીને પણ મોકલી છે.

**સરપંચ ભૌતિક સુહાગિયાએ મુખ્યમંત્રીને પત્ર પાઠવ્યો**

# સાવરકુંડલામાં ગોર્વધનનાથજી પ્રભુના પ્રથમ પાટોત્સવની ઉજવણી કરાઈ



અમરેલી,તા.૨૭

સાવરકુંડલામાં ગોવર્ધનનાથજી પ્રભુનો પ્રથમ પાટોત્સવ લાભ પાંચમના રોજ ખુબ ઉત્સાહ અને આનંદ ઉમંગભેર ઊજવવામાં આવેલ હતો. વિશાળ સંખ્યામાં વૈષ્ણવોએ ઉપસ્થિત રહ્યા હતા. પાટોત્સવમાં કિર્તન કરી વૈષ્ણવોને ભાવવિભોર કર્યા હતા. રાજભોગ તિલક આરતીના દર્શન કર્યા બાદ તમામ આમંત્રિત વૈષ્ણવોએ મહાપ્રસાદનો લાભ લીધેલ હતો.

# ધારાસભ્ય મહેશ કસવાલાની કમોસમી વરસાદના કારણે ખેડૂતોને મદદ કરવા સરકારમાં રજૂઆત

સાવરકુંડલા,તા.૨૭



સાવરકુંડલાના ધારાસભ્ય મહેશભાઈ કસવાલાએ ગુજરાત-સૌરાષ્ટ્રમાં કમોસમી વરસાદના કારણે ખેતીને થયેલ નુકસાનમાં ખેડૂતોને મદદ કરવા માટે મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલ અને કૃષિ મંત્રી જીતુભાઈ વાઘાણીને પત્ર લખ્યો છે. તેમણે વધુમાં રજૂઆત કરી છે કે, અમરેલી જિલ્લામાં તાજેતરમાં ભારેથી અતિભારે કમોસમી વરસાદના કારણે તૈયાર થયેલ પાક જેવા કે મગફળી, કપાસ, ડુંગળી, કઠોળ વગેરે સદંતર નાશ પામેલ છે. જેથી ખેડૂતોને ગંભીર નુકસાન થયેલ છે. હાલ પણ આ વરસાદ ચાલુ છે. ખેડૂતોનો પાક ખેતરમાં પડેલ હતો અને તે પાકને લણવાની કામગીરી ચાલુ હોય તે દરમ્યાન અચાનક ભારેથી અતિભારે ૧૦થી વધુ ઈંચ સુધી વરસાદ પડયાના સમાચાર મળેલ છે. જેના કારણે ખેડૂતોને આંકી ન શકાય તેટલુ ગંભીર આર્થિક નુકસાન થયેલ છે જે ચિંતાજનક બાબત છે. આથી વરસાદ રોકાયા બાદ તાત્કાલિક સર્વે કરાવી યોગ્ય મદદરૂપ થવુ ખુબ જ આવશ્યક જણાય છે. ખેડૂતોને થયેલ નુકસાનનું વળતર ચૂકવવું પણ જરૂરી જણાય છે. તેમણે આ પત્રની નકલ જિલ્લા કલેકટર, જિલ્લા વિકાસ અધિકારી અને જિલ્લા ખેતીવાડી અધિકારીને મોકલી હતી.

# ભીંગરાડ ગામે રસોઈ બાબતે ઝઘડો થતા પત્નીની હત્યા

**પત્નીની હત્યા કર્યા બાદ પતિએ ખુલાસો કર્યો**

અમરેલી,તા.૨૭

ભીંગરાડ ગામે થયેલી મહિલાની હત્યામાં તેના પતિની ધરપકડ કર્યા બાદ પોલીસ પૂછપરછમાં આરોપી મુકેશે જણાવ્યુ હતું કે, રસોઈ બનાવવાના મામલે થયેલા ઝઘડામાં તેમણે પત્નીની નિર્મમ હત્યા કરી હોવાનો ખુલાસો થયો છે. જેમાં ઝઘડા દરમિયાન પતિએ પત્નીને જમીન પર પછાડી, લાતો અને લાકડીના ઘા માર્યા હતા. અંતે તેનું ગળું દબાવી દેતા ઘટનાસ્થળે જ પત્નીનું મોત નિપજ્યું હતું.

પોલીસે હત્યામાં વપરાયેલ લાકડી, બાઈક અને કપડાં કબ્જે કરી વધુ તપાસ હાથ ધરી છે.

# માવઠાના કારણે થયેલ નુકશાન માટે ખેડૂતોને સહાય જાહેર કરવા અતુલ કાનાણીની રજૂઆત કરી

અમરેલી,તા.૨૭



અમરેલી જિલ્લા ભાજપ પ્રમુખ અતુલભાઈ કાનાણીએ માવઠાના કારણે ખેડૂતોને થયેલી આર્થિક નુકસાની માટે સહાય જાહેર કરવા મુખ્યમંત્રીને પત્ર લખ્યો છે. તેમણે વધુમાં જણાવ્યું હતું કે, અમરેલી જિલ્લામાં તાજેતરમાં અતિભારે કમોસમી વરસાદના કારણે ખેડૂતોના તૈયાર થયેલ મગફળી, કપાસ, ડુંગળી, સોયાબીન, કઠોળ વિગેરેને વ્યાપક નુકસાન થયેલ છે. શિયાળાની ઋતુમાં હાલ કમોસમી વરસાદ ચાલું છે જેના કારણે ખેડૂતોને ખુબ મોટું નુકસાન થયું છે. જિલ્લામાં સર્વત્ર ૫ થી ૧૦ ઈંચ જેટલો સતત વરસાદ પડ્યો છે. આ કમોસમી વરસાદના કારણે ખેતીના પાકને, મચ્છી સંપદાઓ તેમજ મીઠાના અગરિયાઓને પણ ભારે પ્રમાણમાં નુકસાન થયેલ છે. આથી સત્વરે જરૂરી સર્વે કરાવીને તેનું વળતરનું ચુકવવું જોઈએ. આ અંગેની રજૂઆત કૃષિ અને મત્સ્યોદ્યોગ મંત્રી તથા કૌશિકભાઈ વેકરીયા, મંત્રી ઉર્જા અને પેટ્રોકેમિકલ્સ અને અમરેલી જિલ્લા કલેકટરને મોકલી છે.

**ખેડૂતોને ખેતીપાકમાં થયેલા ભારે નુકસાનીનો સર્વે કરવા મુખ્યમંત્રી સમક્ષ માંગ**

# ખેડૂતોને સહાય ચુકવવા ખાંભા માર્કેટ યાર્ડ દ્વારા માગણી

**સમગ્ર તાલુકામાં અતિભારે વરસાદને કારણે ચોમાસુ પાક સદંતર નિષ્ફળ**

ખાંભા,તા.૨૭

ખાંભાની ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિ દ્વારા મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલને પત્ર લખીને તાલુકામાં ભારે કમોસમી વરસાદના કારણે ખેડૂતોને થયેલ નુકસાનનો તાત્કાલિક સર્વે કરાવી તેમને સહાય ચુકવવાની માગણી કરતો પત્ર લખવામાં આવ્યો છે. આ અંગે સમિતિના ચેરમેન વિનુભાઈ રૈયાણીએ પત્રમાં જણાવ્યું છે કે, સમગ્ર ખાંભા તાલુકો ખેતી આધારીત છે અને સમગ્ર તાલુકામાં અતિભારે વરસાદને કારણે ખરીફ પાકોને પારાવાર નુકસાન થયું છે. ચોમાસુ પાક સદંતર નિષ્ફળ ગયેલ છે અને ખેડૂતો આર્થિક રીતે પાયમાલ થઈ ગયા છે. આથી ખેતીવાડી ખાતા દ્વારા નુકસાનગ્રસ્ત સમગ્ર ખાંભા તાલુકામાં વહેલી તકે સર્વે કરાવી ખેડૂતોને થયેલા નુકસાન સામે મોટું આર્થિક પેકેજ જાહેર કરવામાં આવે તેવી માગણી છે.

















-:: જાહેર નોટીસ ::-

-// એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ સાહેબની કોર્ટમાં, ગીરગઢડા //-

અરજી નં.૧૨૭/૨૦૨૫
જન્મ તારીખ : ૦૪/૦૬/૧૯૭૨

શ્રી હનીફશા મહમદશા બેલીમ,
રહે.કોર્ટ વિસ્તાર મોટાપીરની દરગાહ પાસે સંધીવાડો, ઉના, ગામ-ઉના,
તાલુકો-ઉના, જિલ્લો-ગીર સોમનાથ .....અરજદાર

વિરૂધ્ધ
રજીસ્ટારશ્રી (જન્મ-મરણ) અને તલાટી-કમ-મંત્રીશ્રી, ગ્રામ પંચાયત કચેરી, ગીરગઢડા,
તા.ગીરગઢડા, જિલ્લો-ગીર સોમનાથ ......સામાવાળા

બાબત :- જન્મ-મરણ નોંધણી અન્વયે જન્મની નોંધણી કરાવવા બાબત

આથી જાહેર જનતા જોગ આ નોટીસ દ્વારા જાણ કરવામાં આવે છે કે, આ કામના અરજદારશ્રી શ્રી હનીફશા મહમદશા બેલીમ, રહે. કોર્ટ વિસ્તાર મોટાપીરની દરગાહ પાસે સંધીવાડો, ઉના, તાલુકો-ઉના, જિલ્લો-ગીર સોમનાથવાળાએ તેમના ભાઈ ઈકબાલશા કાસમશા બેલીમનો જન્મ તારીખ.૦૪/૦૬/૧૯૭૨ ના રોજ ગીરગઢડા તાલુકાના ગીરગઢડા મુકામે થયેલ છે. જે અન્વયે આ કામના સામાવાળા આ મતલબનો દાખલો કાઢી આપે તે મુજબની અરજી અત્રેની કોર્ટમાં ઉપરોકત નંબરથી કરેલ છે.

આ અરજી સામે જે કોઈ ઈસમ, વ્યકિત, સંસ્થા, બોર્ડ કે કોઈપણને વાંધો કે તકરાર હોય તેમણે આધાર-પુરાવા સાથે જાતે અગર તેમના વકીલશ્રી મારફતે અત્રેની કોર્ટમાં દિન-૩૦માં કચેરી સમય દરમ્યાન રજુ કરવાનું રહેશે અન્યથા અત્રેની કોર્ટ તરફથી આગળની ધારાસરની કાર્યવાહી હાથ ધરવામાં આવશે. જેની નોંધ લેશો.

આજ રોજ તા.૨૭/૧૦/૨૦૨૫ના રોજ કોર્ટનો સહી સીક્કો કરી આપ્યો.

કોર્ટનો સિક્કો

હુકમથી
સહી,
એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ
ગીરગઢડા



-// એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ સાહેબ કોડીનારની કોર્ટમાં //-

નં.જન્મ-મરણ કેસ.નં.૧૮૦/૨૦૨૫

પ્રતિ,
શ્રી ફાતમાબેન હાજીભાઈ ઈસબાણી,
રહે.મુળદ્વારકા, ગામ-મુળદ્વારકા
તાલુકો-કોડીનાર, જિલ્લો-ગીર સોમનાથ
વકીલશ્રી, બી.એન.વાઘેલા તથા કે.ડી.ભેડા, કોડીનાર .....અરજદાર

વિરૂધ્ધ
રજીસ્ટારશ્રી (જન્મ-મરણ) અને તલાટી-કમ-મંત્રીશ્રી, ગ્રામ પંચાયત મુળદ્વારકા,
તાલુકો-કોડીનાર, જિલ્લો-ગીર સોમનાથ ......સામાવાળા

-:: જાહેર નોટીસ ::-

આથી લાગતા વળગતાઓને આ નોટીસથી જાણ કરવામાં આવે છે કે, કોડીનાર તાલુકાના મુળદ્વારકા ગામના રહીશ મુસાભાઈ ઈસ્માઈલભાઈ ઈસબાણી તથા શારૂબેન મુસાભાઈ ઈસબાણીના પુત્ર અકબર મુસાભાઈ ઈસબાણીનો જન્મ તારીખ ૨૬/૦૧/૧૯૯૧ ના રોજ કોડીનાર તાલુકાના મુળદ્વારકા ગામ ખાતે થયેલ છે. જેની જન્મ નોંધણી રજીસ્ટરમાં તેમના જન્મની નોંધ ગ્રામ પંચાયત મુળદ્વારકા, તાલુકો-કોડીનાર સને.૧૯૯૧ ના જન્મ રજીસ્ટરે લખવાની રહી ગયેલ છે. જે નામ રજીસ્ટરે નોંધ કરવા અત્રેની કોર્ટમાં અરજી કરેલ છે. આ કામના સામાવાળાને જન્મ નોંધ દફતરે ચડાવી આપવા સામે કોઈને વાંધો હરકત સરખુ હોય તો તેમને જાતે અગર તેમના મુખત્યાર અથવા વકીલ મારફત અત્રેની કોર્ટમાં મુદત તા.૨૮/૧૦/૨૦૨૫ના રોજ ૧૫:૦૦ કલાકે વાંધા તકરાર સાથે હાજર રહેવુ અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે.

આજ તા.૧૫/૧૦/૨૦૨૫ ના રોજ મારી સહી તથા સિક્કો કરીને આપ્યા.

સહી,
(એચ.કે.ભાસ્કર)
એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ
કોડીનાર



-// એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ સાહેબ કોડીનારની કોર્ટમાં //-

નં.જન્મ-મરણ કેસ નં.૫૭/૨૦૨૫

પ્રતિ,
શ્રી પરિતાબેન માનસીંગભાઈ પરમાર,
રહે.નવાગામ, ગામ-નવાગામ,
તાલુકો-કોડીનાર, જિલ્લો-ગીર સોમનાથ .....અરજદાર

વિરૂધ્ધ
રજીસ્ટારશ્રી (જન્મ-મરણ) અને તલાટી-કમ-મંત્રીશ્રી, ગ્રામ પંચાયત કચેરી, નવાગામ,
તાલુકો-કોડીનાર, જિલ્લો-ગીર સોમનાથ ......સામાવાળા

-:: જાહેર નોટીસ ::-

આથી લાગતા વળગતાઓને આ નોટીસથી જાણ કરવામાં આવે છે કે, ગીર સોમનાથ જિલ્લાના કોડીનાર તાલુકાના નવાગામ ગામના રહીશ શ્રી પરિતાબેન માનસીંગભાઈ પરમારના માતા મોતીબેન માનસીંગભાઈ પરમારનું મરણ તારીખ. ૨૦/૦૫/૧૯૯૮ ના રોજ કોડીનાર તાલુકાના નવાગામ ગામ ખાતે થયેલ છે. જેની મરણની નોંધ કોડીનાર તાલુકાના નવાગામના સને.૧૯૯૮ ના મરણ રજીસ્ટરે લખવાની રહી ગયેલ છે. જે નામ મરણ રજીસ્ટરે નોંધ કરવા અત્રેની કોર્ટમાં અરજી કરેલ છે. આ કામના સામાવાળાને મરણ નોંધ દફતરે ચડાવી આપવા સામે કોઈને વાંધો હરકત સરખુ હોય તો તેમને જાતે અગર તેમના મુખત્યાર અથવા વકીલ મારફત અત્રેની કોર્ટમાં મુદત તા.૨૮/૧૦/૨૦૨૫ના રોજ ૧૫:૦૦ કલાકે વાંધા તકરાર સાથે હાજર રહેવુ અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે.

આજ તા.૦૭/૧૦/૨૦૨૫ ના રોજ મારી સહી તથા સિક્કો કરીને આપ્યા.

સહી,
(એચ.કે.ભાસ્કર)
એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ
કોડીનાર



તાલુકા એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ, લાઠીની કોર્ટમાં

જન્મ/મરણ પરચુરણ અરજી નં. ૧૧૬/૨૫ તા.૧૫/૦૯/૨૦૨૫

વિવાદી :- શ્રી રમજાનભાઈ ઉર્ફે બાવભાઈ ગાજીભાઈ ચુડાચમા,
રહે.બહારપરા,દામનગર,તા.લાઠી,જી.અમરેલી,
મો.૯૮૨૫૬ ૩૪૪૭૦

- //વિરૂધ્ધ//-

પ્રતિવિવાદીઃ- જન્મ-મરણ નોંધણી અધિકારી -વ- ચિફ ઓફીસરશ્રી
મુ.દામનગર, તા.લાઠી, જિ.અમરેલી

-// જાહેર નોટીસ //-
(જન્મનાં દાખલા માટે)

આથી લાગતા વળગતાઓને આ નોટીસથી જાણ કરવામાં આવે છે કે, અમરેલી જિલ્લાના લાઠી તાલુકાના મોજે.દામનગર ગામના રહિશ આ કામના અરજદારશ્રીના પોતાનો રમજાનભાઈ ગાજીભાઈ ચુડાસમાનું જન્મ તા.૦૧/૦૬/૧૯૬૩ ના રોજ દામનગર, તા.લાઠી, જિ.અમરેલી મુકામે થયેલ હોય જે તે સમયે તેમના જન્મની નોંધ કરાવેલ ન હોય/જન્મની નોંધ કરાવવાની રહી ગયેલ હોય, જેથી જન્મની નોંધ કરાવવાના કામે અત્રેની કોર્ટમાં તા.૨૨/૦૮/૨૦૨૫ થી અરજી કરેલ છે. તો આ કામના સામાવાળાએ જન્મ-મરણ નોંધ દફતરે ચડાવી આપવા સામે કોઈને વાંધો હરકત સરખુ હોય તો તેમણે જાતે અગર તેમના મુખત્યાર અથવા વકીલ મારફત અત્રેની કોર્ટમાં મુદત તા.૩૦/૧૦/૨૦૨૫ ના રોજ બપોરના ૩-૩૦ કલાકે વાંધો તકરાર સાથે હાજર રહેવું અન્યથા યોગ્ય તે હુકમ કરવામાં આવશે.

સહી
(એમ.સી.રાજ્યગુરૂ)
તાલુકા એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ
લાઠી



-// એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ સાહેબ કોડીનારની કોર્ટમાં //-

નં.જન્મ-મરણ કેસ નં.૧૭૩/૨૦૨૫

પ્રતિ,
શ્રી હનુભાઈ વીજાભાઈ ભાલિયા,
રહે.સુગાળા, ગામ-સુગાળા,
તાલુકો-કોડીનાર, જિલ્લો-ગીર સોમનાથ .....અરજદાર
વકીલશ્રી, જી.એન.સોલંકી કોડીનાર

વિરૂધ્ધ
રજીસ્ટારશ્રી (જન્મ-મરણ) અને તલાટી-કમ-મંત્રીશ્રી, ગ્રામ પંચાયત કચેરી, સુગાળા,
તાલુકો-કોડીનાર, જિલ્લો-ગીર સોમનાથ ......સામાવાળા

-:: જાહેર નોટીસ ::-

આથી લાગતા વળગતાઓને આ નોટીસથી જાણ કરવામાં આવે છે કે, કોડીનાર તાલુકાના સુગાળા ગામના રહીશ હનુભાઈ વીજાભાઈ ભાલિયા તથા કુવરબેન હનુભાઈ ભાલિયાના પુત્ર વિપુલ હનુભાઈ ભાલિયાનો જન્મ તારીખ. ૦૧/૦૬/૧૯૯૬ ના રોજ કોડીનાર તાલુકાના સુગાળા ગામ ખાતે થયેલ છે. જેની જન્મ નોંધણી રજીસ્ટરમાં તેમના જન્મનો નોંધ ગ્રામ પંચાયત કચેરી, સુગાળા, તાલુકો-કોડીનાર સને.૧૯૯૬ ના જન્મ રજીસ્ટરે લખવાની રહી ગયેલ છે. જે નામ રજીસ્ટરે નોંધ કરવા અત્રેની કોર્ટમાં અરજી કરેલ છે. આ કામના સામાવાળાને જન્મ નોંધ દફતરે ચડાવી આપવા સામે કોઈને વાંધો હરકત સરખુ હોય તો તેમને જાતે અગર તેમના મુખત્યાર અથવા વકીલ મારફત અત્રેની કોર્ટમાં મુદત તા.૨૮/૧૦/૨૦૨૫ના રોજ ૧૫:૦૦ કલાકે વાંધા તકરાર સાથે હાજર રહેવુ અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે.

આજ તા.૧૫/૧૦/૨૦૨૫ ના રોજ મારી સહી તથા સિક્કો કરીને આપ્યા.

સહી,
(એચ.કે.ભાસ્કર)
એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ
કોડીનાર

**અમરેલી જિલ્લામાં સુરતના વાહનચાલકો બેફામ બન્યા**

# નાગેશ્રી નજીક અકસ્માત થતા દંપતીને ઈજા

**પતિને ગંભીર ઈજા પહોચતા તાત્કાલિક હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યો**

નાગેશ્રી, તા.૨૭

નાગેશ્રી ગામ પાસે એક ગમખ્વાર માર્ગ અકસ્માત સર્જાયો હતો, જેમાં મચ્છી વેચીને પરત ફરી રહેલા દંપતી ગંભીર રીતે ઘાયલ થયા હતા. પુરપાટ ઝડપે અને બેફિકરાઈથી આવતી ફોર-વ્હીલ કારના ચાલકે થ્રી-વ્હીલર ટેમ્પોને પાછળથી ટક્કર મારતા આ ઘટના બની હતી. અકસ્માત બાદ કારચાલક પોતાની ગાડી લઈને ઘટનાસ્થળેથી નાસી ગયો હતો. આ ઘટનાની જાણ પોલીસને કરવામાં આવતા પોલીસે અજાણ્યા વાહનચાલક સામે ગુનો નોંધી તપાસ હાથ ધરી છે. જાફરાબાદમાં રહેતા સઈદાબેન અનવરઅલી રફાઈ (ઉ.વ.૪૫)એ ફોરવ્હીલ કાર નંબરGJ-૦૫-RN-૨૫૦૯ના ચાલક સામે ફરિયાદ નોંધાવી હતી. જે મુજબ તેમના પતિ અનવરઅલી તેમનો થ્રી-વ્હીલર ટેમ્પો લઈને મચ્છી વેચવા ગયા હતા. સાંજના આશરે સાડા આઠેક વાગ્યાના અરસામાં તેઓ નાગેશ્રી ગામે શિવશક્તિ હોટેલ પાસે પહોંચ્યા, ત્યારે સામેથી પૂરઝડપે અને બેફિકરાઈથી આવતી ફોર-વ્હીલ કાર નંબર GJ-૦૫-RN-૨૫૦૯ના ચાલકે ટેમ્પોને પાછળથી જોરદાર ટક્કર મારી હતી. આ ટક્કરના કારણે તેઓ અને તેમના પતિ અનવરઅલી રોડ પર પટકાયા હતા.

અનવરઅલીભાઈને માથાના ભાગે અને છાતીના ભાગે ગંભીર ઈજાઓ પહોંચી હતી, જ્યારે ફરિયાદીને પણ શરીરે નાની-મોટી ઈજાઓ થઈ હતી. અકસ્માત સર્જીને કારચાલક કોઈને પણ મદદ કર્યા વિના પોતાની ફોર-વ્હીલ કાર લઈને સ્થળ પરથી ફરાર થઈ ગયો હતો. ઈજાગ્રસ્ત દંપતીને તાત્કાલિક સારવાર માટે હોસ્પિટલ ખસેડવામાં આવ્યા હતા. આ સમગ્ર ઘટના અંગે પોલીસે ગુનો નોંધી ફરાર કારચાલકને ઝડપી પાડવા માટે આગળની કાર્યવાહી હાથ ધરી હતી. નાગેશ્રી પોલીસ સ્ટેશનના હેડ કોન્સ્ટેબલ એ.વી. દાફડા વધુ તપાસ કરી રહ્યા છે.

**અનિડા ગામે પણસાળા પરિવાર આયોજિત ભાગવત સપ્તાહમાં**

# ભજન, ભોજન અને સત્સંગના ત્રિવેણી સંગમમાં મોટી સંખ્યામાં ભાવિકો ઉમટ્યા

અમરેલી,તા.૨૭

કુંકાવાવ તાલુકાના અનિડા ગામે સમસ્ત પણસાળા પરિવાર દ્વારા આયોજિત શ્રીમદ ભાગવત સપ્તાહ જ્ઞાનયજ્ઞમાં અમરેલી શહેર ભાજપના પૂર્વ મહામંત્રી ભરતભાઈ મકવાણાએ હાજરી આપી હતી. અમરેલી શહેરના જાણીતા હિન્દુસ્તાન મોલના રોહિતભાઈ પણસાળાના પરિવાર દ્વારા આ સપ્તાહનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું છે. આ ભાગવત સપ્તાહમાં વ્યાસપીઠ પરથી પરમ આદરણીય પૂજ્ય નિરંજની ઘનશ્યામદાસ બાપુ દ્વારા કથાનું રસપાન કરાવવામાં આવી રહ્યું છે. આયોજકો દ્વારા સુંદર વ્યવસ્થા અને આયોજન કરવામાં આવ્યું છે, જેના કારણે મોટી સંખ્યામાં ધર્મપ્રેમી જનતા આ કથાનો લાભ લઈ રહી છે. આ પ્રસંગે ભરતભાઈ મકવાણાએ જણાવ્યું હતું કે, 'ખરેખર, ભજન, ભોજન અને સત્સંગના ત્રિવેણી સંગમ થકી આ કથાનો લાભ લેવો એ જિંદગીનું અમૂલ્ય ભાથું છે.' સમસ્ત પણસાળા પરિવાર દ્વારા આયોજિત આ ધાર્મિક કાર્યક્રમમાં આસપાસના વિસ્તારના અનેક લોકો ઉત્સાહભેર જોડાઈને પવિત્ર કથાનું શ્રવણ કરી રહ્યા છે.

## ધારીના વીરપુર વિસ્તારમાં વાડીએથી મગફળીના બાચકાની ચોરી

ધારી, તા.૨૭

ધારીના વીરપુર વિસ્તારમાં જંગલ વિસ્તારમાં આવેલી વાડીએથી મગફળીના બાચકાની ચોરી થઈ હતી. આ અંગે રમેશભાઈ વિનુભાઈ કોઠીયા (ઉ.વ.૫૬)એ વિનુભાઈ ભીખાભાઈ પરમાર તથા પલીભાઈ વિનુભાઈ પરમાર સામે નોંધાવેલી ફરિયાદ પ્રમાણે, આરોપીએ સાંજના સાડા સાતથી રાતના દસ દરમિયાન મગફળીના બાચકાની ચોરી કરી કરી હતી.

## ઈંગોરાળા ગામે પરિણીતાએ ગળાફાંસો ખાધો

બાબરા, તા.૨૭

બાબરાના ઈંગોરાળા ગામે એક પરિણીતાએ ગળાફાંસો ખાધો હતો. બનાવ અંગે હાલ સુરતના વરાછામાં રહેતા અને મૂળ જૂનાગઢના આંબલા ગામના ભુપતભાઈ કાનજીભાઈ ડોબરીયાએ જાહેર કર્યા મુજબ, હાલ સુરતના ગઢપુર ટાઉનશીપમાં રહેતી અને મૂળ બાબરાના ઈંગોરાળા ગામે રહેતી પ્રિયંકાબેન રસીકભાઈ કરકરએ અગમ્ય કારણોસર ગળાફાંસો ખાઈ લેતા મરણ પામ્યા હતા.

# બાબરાના વાંકીયા ગામે પ્રેમલગ્નની અદાવતમાં યુવક પર હુમલો કરાયો

બાબરા, તા.૨૭

બાબરાના વાંકીયા ગામે વીસેક દિવસ પહેલા થયેલા પ્રેમલગ્નની અદાવત રાખીને કેટલાક શખ્સોએ એક યુવક પર હુમલો કરી માર માર્યો હોવાની ઘટના સામે આવી હતી. આ હુમલામાં યુવકને પગ અને હાથમાં ઈજાઓ પહોંચી હતી. આ અંગે હરેશભાઈ રમેશભાઈ ભોજાણીએ બાવચંદભાઈ મનજીભાઈ કટેશીયા, સુનિલભાઈ બાવચંદભાઈ કટેશીયા, અનિલભાઈ બાવચંદભાઈ કટેશીયા, લાલજીભાઈ રવજીભાઈ સાપરા તથા અલ્પેશભાઈ રવજીભાઈ કટેશીયા સામે ફરિયાદ નોંધાવી હતી. પોલીસમાં જાહેર થયેલી વિગત મુજબ, બાવચંદભાઈ કટેશીયાની દીકરીએ તેના મોટા બાપાના દીકરા સાથે ભાગીને પ્રેમલગ્ન કર્યા હતા. આ વાતનું મનદુઃખ રાખીને ગાળો આપી હતી અને ત્યાર બાદ પાવડાના હાથાના લાકડાના ધોકા વડે માર માર્યો હતો. આ હુમલામાં તેને જમણા પગે તથા જમણા હાથે મૂઢ ઈજાઓ પહોંચી હતી. માર પડ્યા બાદ ફરિયાદી પોતાના ઘરે જઈ રહ્યા હતા, ત્યારે રસ્તામાં અન્ય આરોપીઓ ઊભા હતા. આ શખ્સોએ તેમને રોકીને ગાળો આપી હતી અને લાકડી તથા પાઈપ લઈને મારવા દોડ્યા હતા. આ દરમિયાન એક આરોપીએ પાઈપનો છૂટો ઘા કરતા તેમના પગે મૂઢ ઈજા પહોંચી હતી. આ શખ્સોએ તેમને જાનથી મારી નાખવાની ધમકી પણ આપી હતી. ઘાયલ યુવકે આ મામલે પોલીસમાં ફરિયાદ નોંધાવી હતી. પ્રેમલગ્ન બાદ થયેલા આ હુમલાના બનાવથી વિસ્તારમાં ચકચાર મચી જવા પામી હતી.

# રાજુલામાં વેપારી સાથે ઝઘડો કરી ગાળો આપી

**વેપારીએ ત્રણ લોકો સામે રાજુલા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી**

રાજુલા, તા.૨૭

રાજુલામાં એક વેપારી સાથે ઝઘડો કરી ગાળો આપવામાં આવી હતી. બનાવ સંદર્ભે જગદીશભાઈ ઉર્ફે પપ્પુ ચંદુભાઈ પરમાર (ઉ.વ.૩૭) એ રોમીતભાઈ રહીમભાઈ મધીયા, રાહીલભાઈ રહીમભાઈ મધીયા તથા રહીમભાઈ ફીદાહુસેનભાઈ મધીયા સામે ફરિયાદ નોંદાવી હતી. જે મુજબ, તેઓ આરોપીની દુકાને ચપ્પલ લેવા ગયા ત્યારે તેમની સાથે ઝઘડો કરી જેમ ફાવે તેમ ગાળો આપી હતી. ઉપરાંત ઢીકાપાટુનો મુંઢમાર માર્યો હતો. ઉપરાંત ગાળો બોલી જાનથી મારવાની ધમકી આપી હતી. રાજુલા પોલીસ સ્ટેશનના હેડ કોન્સ્ટેબલ પી.એસ. બાબરીયા આ બનાવની વધુ તપાસ કરી રહ્યા છે.

## લીલીયાના ગોઢાવદર ગામ નજીક ઝટકા મશીનની બેટરી ચોરાઈ

અમરેલી,તા.૨૭

અમરેલી જિલ્લામાં સીમચોરો જાણે સક્રિય બન્યા હોય તેમ હવે ખેતરોમાંથી ઝટકા મશીનની બેટરીની ચોરી થઈ રહી છે. તસ્કરો કેબલ વાયર ચોરી જતા હોવાની વારંવાર ઘટના બનવા પામે છે ત્યારે તસ્કરો હવે ઝટકા મશીનની ચોરી કરી પોલીસને પડકાર ફેંકી રહ્યાં છે. લીલીયાના ગોઢાવદર ગામ નજીક પ્રેમ ધામ આશ્રમ નજીક સલડી હાઈવે રોડ પર દિવસના સમયે ભરતભાઈ વાલજીભાઈ વિંઝુડાની વાડીએ તા. ૨૪/૧૦/૨૦૨૫નાં રોજ કોઈ અજાણ્યા શખ્સે દિવસના ૧૧.૦૦ થી ૧૨.૦૦ વાગ્યાના સમયે ઝટકા મશીનની બેટરી રૂ. ૩૫૦૦ની કિંમતની ચોરી કરી ગયાની જાણ લીલીયા પોલીસ સ્ટેશનમાં કરેલ છે.

## જગુપુલ પાસે મહિલાના રહેણાંક મકાનેથી ૧૫ લીટર દેશી દારૂ મળ્યો

અમરેલી, તા.૨૭

અમરેલી જિલ્લામાંથી પોલીસે ૧૦ પ્યાસી ઝડપીને ધોરણસરની કાર્યવાહી કરી હતી. જે પૈકી ત્રણ ભાવનગર જિલ્લાના હતા. અમરેલીમાં વરૂડી રોડ, જગુપુલ પાસે મહિલા પાસેથી ૧૫ લીટર દેશી દારૂ પકડાયો હતો. આ સિવાય સાત લોકો પાસેથી ૩૦ લીટર દેશી દારૂ મળ્યો હતો.

## રાજુલામાં પરિણીતાએ જાહેરમાં ગાળો બોલવાની ના પાડતાં ધમકી આપી

રાજુલા, તા.૨૭

રાજુલામાં રહેતી એક પરિણીતાએ જાહેરમાં ગાળો બોલવાની ના પાડતાં તેને ઢીકાપાટુ મારીને ધમકી આપવામાં આવી હતી. બનાવ અંગે જુલીબેન શબ્બીરભાઈ ગાહા (ઉ.વ.૪૫) એ જયસુખભાઈ રવજીભાઈ કલસરીયા સામે નોંધાવેલી ફરિયાદ પ્રમાણે, આરોપી જાહેરમાં ગાળો બોલતો હતો. જેથી તેમણે ગાળો બોલવાની ના પાડતાં જેમ ફાવે તેમ અશ્લિલ ગાળો બોલીને ગાલ પર ઢીકા માર્યા હતા અને જતા જતા જાનથી મારવાની ધમકી આપી હતી. રાજુલા પોલીસ સ્ટેશનના એએસઆઈ બી.એમ. વાળા બનાવ અંગે વધુ તપાસ કરી રહ્યા છે.

# રાજુલાના વાવડી ગામે આખ્યાનમાં વીજશોક લાગતા ફોટોગ્રાફરનું મોત

રાજુલા, તા. ૨૭

રાજુલાના રૂખડભગતની વાવડી ગામે આખ્યાનમાં ઈલેક્ટ્રિક વાયર ભેગા કરતા ફોટોગ્રાફરનું વીજશોકથી મોત થયું હતું. બનાવ અંગે રાજકોટના વીંછીયા ગામે રહેતા દામજીભાઈ રણછોડભાઈ સોરઠીયાએ જાહેર કર્યા મુજબ, પ્રવિણભાઈ દામજીભાઈ સોરઠીયા આખ્યાનમાં ઈલેક્ટ્રિક વાયર ભેગા કરતા હતા. જે સમયે ઈલેક્ટ્રિક વાયર પગમાં આવી જતા ઈલેક્ટ્રિક શોક લાગતા મરણ પામ્યા હતા. ફોટોગ્રાફરના મોતના પગલે શોકનો માહોલ છવાઈ ગયો હતો. રાજુલા પોલીસ સ્ટેશનના એએસઆઈ એન.બી. સીંધવ વધુ તપાસ કરી રહ્યા છે.

**ફોટોગ્રાફરના મોતથી શોકનો માહોલ**

## આજનું પંચાંગ

વિક્રમ સંવત-૨૦૮૧, તિથિ: છઠ
તા. ૨૮-૧૦-૨૦૨૫, મંગળવાર, સૂર્યોદય-૦૬:૪૬,
સૂર્યાસ્ત-૦૬:૦૦, જૈન નવકારશી-૮-૧૦,
નક્ષત્ર: પૂર્વાષાઢા

## દૈનિક રાશિફળ

તા.૨૮-૧૦-૨૦૨૫ મંગળવાર

મેષ: દિવસની શરૂઆતમાં તમે થોડી આળસ બતાવશો, પરંતુ બપોરે તમે નિર્ધારિત સમય પર તમારા કાર્યોને ઉત્સાહથી પૂર્ણ કરી શકશો.

વૃષભ: આજનો દિવસ તમારા સ્વાસ્થ્ય માટે સારો રહેશે, પરંતુ થોડી વધારે મહેનત કરશો.

મિથુન: તમારા માટે આજનો દિવસ વ્યસ્ત અને લાભકારક રહેશે. સ્વાસ્થ્ય સારું રહેશે. આજે કાર્યમાં સફળતાના કારણે આત્મવિશ્વાસ વધશે.

કર્ક: આજે બપોર સુધી ધંધો સરળતાથી ચાલશે. આ પછીનો સમય થોડો અવરોધવાળો રહેશે, લોકો તમારી સાથે વિવાદ કરી શકે છે.

સિંહ: આજે તમારું સ્વાસ્થ્ય સારું રહેશે, પરંતુ આંખને લગતી ફરિયાદો રહી શકે છે.

કન્યા: આજે તમે દિવસના પહેલા ભાગમાં પ્લાનિંગ સાથે કામ કરશો અને બપોર સુધી તમારી મહેનતનું ફળ ના મળવાથી તમે થોડા નિરાશ થશો.

તુલા: આજનો દિવસ તમને મિશ્ર પરિણામ આપશે. મનમાં ક્રોધ અને નફરતની લાગણીને કારણે પ્રિયજનથી અંતર થઈ શકે છે.

વૃશ્ચિક: આજે પરિસ્થિતિ તમારા માટે અનુકૂળ રહેશે, પરંતુ આળસ, મનોરંજન અને શોખના વલણને કારણે તમે સમયનો પૂરો લાભ લઈ શકશો નહીં.

ધન: નવા સંબંધોથી ભાગ્ય ચમકશે અને તમને સામાજિક સન્માન મળશે. આ સાથે તમે ક્રિયા-પ્રતિક્રિયા વધારવામાં પણ સફળ થશો. દંપતીમાં સુમેળ રહેશે.

મકર: આજે તમે તમારા સ્વભાવમાં ઉતાવળ કરશો, પહેલા તમે તમારા કાર્ય પ્રત્યે બેદરકાર થશો, પાછળથી તમે ઉતાવળમાં આવી શકો છો.

કુંભ: તમે જે કાર્યમાંથી લાભની અપેક્ષા કરી રહ્યા છો તેમાં અંતિમ સમયમાં નિરાશા મળી શકે છે, પરંતુ સખત મહેનત કરવામાં કોઈ કસર છોડશો નહીં.

મીન: આજનો દિવસ ફાયદાકારક છે, પરંતુ કોઈપણ અવરોધ તમને મુશ્કેલીમાં મૂકી શકે છે, જે તમારું ધ્યાન વિચલિત કરશે.

**લીલીયાના સલડી ગામે પોલીસની ફરજમાં રુકાવટ**

# જનરક્ષક વાહનને ઘેરી ગાળાગાળી, ધમકી અને વીડિયો ઉતારવાનો આરોપ

લીલીયા, તા. ૨૭

સલડી ગામે ગ્રામ પંચાયતની ચૂંટણીના મનદુઃખને કારણે બે અલગ-અલગ સમાજના લોકો વચ્ચે થયેલી મારામારીના બનાવ બાદ પરિસ્થિતિ વધુ વણસી હતી. ઝઘડાની વર્ધી મળતા ઘટનાસ્થળે પહોંચેલા જનરક્ષક (પોલીસ) ટીમના કર્મચારી પર આરોપીઓએ હુમલો કરી, તેમની કાયદેસરની ફરજમાં રુકાવટ ઊભી કરી હતી. પોલીસ સૂત્રો દ્વારા મળતી માહિતી મુજબ, આ ઘટના બની ત્યારે ફરિયાદી એએસઆઈ ભરતભાઈ સોમાભાઈ માલકીયા પોઈન્ટ પર ફરજ પર હતા. તે દરમિયાન તેમને જનરક્ષક કંટ્રોલ સેન્ટર તરફથી સલડી ગામે હરિકૃષ્ણ આઈસ્ક્રીમની બહાર રોડ ઉપર ઝઘડો થતો હોવાની વર્ધી (જાણ) મળી હતી. જેથી તેઓ તેમના જનરક્ષક ડ્રાઈવર સાથે વર્ધીના સ્થળે જઈ રહ્યા હતા, તે જ વખતે ત્યાં ભેગા થયેલા આરોપીઓએ તેમની જનરક્ષક બોલેરો ગાડીને ઊભી રખાવી હતી. ફરિયાદમાં જણાવ્યા અનુસાર, સફેદ શર્ટ પહેરેલા કેવલ રામાણી અને અન્ય માણસોએ પોલીસના માણસો પર ધાક બેસાડવાના ઈરાદે જનરક્ષક વાહનને ઘેરી લીધું હતું. આ દરમિયાન આરોપીઓએ તેમની સાથે ગેરવર્તન કર્યું હતું અને તેમની કાયદેસરની ફરજમાં રુકાવટ ઊભી કરી હતી. કેવલ રામાણી અને તેની સાથેના અન્ય શખ્સોએ જાહેર જગ્યાએ બિભત્સ ગાળો બોલી ફરિયાદી પર ખોટા આક્ષેપો કર્યા હતા. સ્થળ પર પોલીસની અન્ય બોલેરો ગાડી આવતી જોઈને આરોપી એકદમ ઉશ્કેરાઈ ગયો હતો. તેણે બોલેરો ગાડી તરફ જોઈને પોલીસના માણસોને જાહેરમાં બિભત્સ ગાળો આપી હતી અને 'છરી મારી જાનથી મારી નાખવાની' ધમકી આપી હતી. આરોપીઓએ પોલીસને બદનામ કરવાનું આયોજન કરી તથા પોલીસની છબી ખરડાવવાના ઈરાદે સમગ્ર ઘટનાનો વીડિયો પણ ઉતાર્યો હતો. પોલીસે આ સમગ્ર મામલે ગુનો નોંધી આરોપીઓ વિરુદ્ધ સરકારી કર્મચારીની ફરજમાં રૂકાવટ, ધમકી આપવા અને જાહેર શાંતિનો ભંગ કરવા સહિતની કલમો હેઠળ કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.

# રાજુલાના બારપટોળીમાં આહીર એજ્યુકેશન સમિતિ દ્વારા વિદ્યાર્થી સત્કાર સમારંભ યોજાયો

રાજુલા, તા.૨૭



રાજુલા તાલુકાના બારપટોળી ગામે આહીર એજ્યુકેશન સમિતિ દ્વારા વર્ષ ૨૦૨૫ના તેજસ્વી વિદ્યાર્થીઓ અને સરકારી નોકરીમાં નવનિયુક્ત થયેલા ડૉક્ટરો સહિતના વ્યક્તિઓ માટે ચતુર્થ સત્કાર સમારંભ અને સ્નેહમિલનનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમ તા. ૨૪/૧૦/૨૦૨૫, શુક્રવારના રોજ યોજાયો હતો. આ સન્માન સમારોહમાં કુલ ૩૦૪ તેજસ્વી વિદ્યાર્થીઓ અને સરકારી નોકરીમાં જોડાયેલા ૧૪ નવનિયુક્ત વ્યક્તિ વિશેષનું સન્માન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમમાં પ.પૂ. રાજેન્દ્રદાસ બાપુ અને પ.પૂ. શ્રી બીજલ ભગત દ્વારા આશીર્વચન આપવામાં આવ્યા હતા. સમાજના આગેવાનોએ તેજસ્વી વિદ્યાર્થીઓ અને વ્યક્તિ વિશેષનું સન્માન કર્યું હતું. આ સમારોહને સફળ બનાવવા માટે અનેક દાતાઓએ સહયોગ આપ્યો હતો. આહીર એજ્યુકેશન સમિતિ દ્વારા કાર્યક્રમમાં ઉપસ્થિત સૌ સંતો, દાતાઓ, સમાજના આગેવાનો, બારપટોળી ગામના યુવાનો અને વડીલો તેમજ દરેક ગામના એજ્યુકેશન સમિતિના પ્રતિનિધિઓનો આભાર વ્યક્ત કરવામાં આવ્યો હતો.

## ધારીના ડાંગાવદર ગામેથી યુવતી ઘરેથી ચાલી નીકળી

ધારી, તા.૨૭

ધારીના ડાંગાવદર ગામેથી યુવતી ઘરેથી ચાલી નીકળી હતી. રમેશભાઈ પુંજાભાઈ પરમાર (ઉ.વ.૪૪)એ જાહેર કર્યા મુજબ, તેમની પુત્રી રૂચિતા (ઉ.વ.૨૦) ઘરેથી કોઈને કહ્યા વગર પોતાની મેળે ક્યાંક જતી રહી હતી. જે ઘરે પરત ફરી નહોતી. ધારી પોલીસ સ્ટેશનના હેડ કોન્સ્ટેબલ રમેશભાઈ દિનેશભાઈ વાળા વધુ તપાસ કરી રહ્યા છે.

## જાફરાબાદના લોઠપુર ગામેથી મગફળી, બાજરાની ચોરી

જાફરાબાદ, તા.૨૭

જાફરાબાદના લોઠપુર ગામે વાડીની ઓરડીમાંથી મગફળી અને બાજરાની ચોરી થઈ હતી. બનાવ અંગે ભાવેશભાઈ વશરામભાઈ મકવાણા (ઉ.વ.૩૫)એ અજાણ્યા ઈસમ સામે નોંધાવેલી ફરિયાદ પ્રમાણે, ચોરોએ તેમના વાડી ખેતરમાં આવેલી ઓરડીના દરવાજાનું મુખ્ય તાળું તોડી મગફળીની ૩૦ ગુણ, બાજરાની ૬ ગુણની ચોરી કરી હતી.

તંત્રી લેખ

# ભારતની શિક્ષણનીતિ અને 'શૂન્ય પ્રવેશ'ની ચિંતા

ભારત ઝડપથી વિકસિત બની રહ્યું છે. અર્થતંત્ર પણ ઝડપથી ઉંચે જઈ રહ્યું છે જ્યારે રાષ્ટ્રીય શિક્ષણ નીતિમાં પરિવર્તનની જરૂર છે કારણ કે ઘણા રાજ્યોમાં શાળાઓ છે, શિક્ષકો છે પરંતુ વિદ્યાર્થીઓ બિલકુલ નથી. ભારતના ઘણા રાજ્યો એવા છે જ્યાં શૂન્ય પ્રવેશ છે મતલબ કે શાળાની ઈમારતો છે, શિક્ષકો છે, આચાર્ય છે, તમામ સુવિધા છે પણ એક પણ વિદ્યાર્થી શાળામાં આવતો નથી. આવી શાળામાં તમામને પગાર મળે છે. નાણાનો વ્યય થાય છે. આની સામે શાળાના સંચાલકોને કોઈ તકલીફ નથી કારણ કે વગર મહેનતનો પગાર મળે છે. રાષ્ટ્રના હિત માટે આ બંધ થવું જરૂરી છે.

કેન્દ્રીય શિક્ષણ મંત્રાલય દ્વારા શૈક્ષણિક વર્ષ ૨૦૨૪-૨૫ માટે જાહેર કરાયેલા આંકડાઓ દેશના શાળા શિક્ષણ માળખાની વાસ્તવિકતા પર ગહન ચિંતન માંગી લે તેવો અરીસો રજૂ કરે છે. આ આંકડાઓ દર્શાવે છે કે સમગ્ર દેશમાં લગભગ ૮૦૦૦ શાળાઓ એવી છે જ્યાં એકપણ વિદ્યાર્થીનું એડમિશન થયું નથી, છતાં આ શાળાઓમાં ૨૦,૮૧૭ જેટલા શિક્ષકો કાર્યરત છે. આ વિરોધાભાસ માત્ર વહીવટી નિષ્ફળતાનો જ નહીં, પણ જાહેર સંસાધનોના બિનકાર્યક્ષમ ઉપયોગ અને વર્તમાન શિક્ષણનીતિની અમલવારીની અસરકારકતા પર પણ પ્રશ્નાર્થ ઊભો કરે છે. આ 'શૂન્ય પ્રવેશ'ની સમસ્યાનું સૌથી મોટું કેન્દ્ર પશ્ચિમ બંગાળ છે, જ્યાં આવી ૩૮૧૨ શાળાઓ છે અને તેમાં ૧૭,૯૬૫ શિક્ષકો ફરજ બજાવે છે. પશ્ચિમ બંગાળ પછી તેલંગાણા (૨૨૪૫ શાળાઓ, ૧૦૧૬ શિક્ષકો) અને મધ્ય પ્રદેશ (૪૬૩ શાળાઓ, ૨૨૩ શિક્ષકો)નો ક્રમ આવે છે. આ આંકડાઓ સ્પષ્ટપણે દર્શાવે છે કે શિક્ષણ પ્રત્યેની નીતિઓ અને અમલવારીમાં પ્રાદેશિક અસમાનતા કેટલી ઊંડી છે. જ્યાં એક તરફ હરિયાણા, મહારાષ્ટ્ર, ગોવા, આસામ, હિમાચલ પ્રદેશ, છત્તીસગઢ, નાગાલેન્ડ, સિક્કિમ અને ત્રિપુરા જેવા રાજ્યો તેમજ દિલ્હી સહિતના ઘણા કેન્દ્રશાસિત પ્રદેશોમાં શૂન્ય પ્રવેશ ધરાવતી એકપણ શાળા નથી, જ્યારે અન્ય રાજ્યોમાં આ સમસ્યા વિકરાળ સ્વરૂપ ધારણ કરી રહી છે. આ તફાવત રાજ્ય સરકારોની સંકલ્પશક્તિ અને શૈક્ષણિક આયોજનની ગુણવત્તા પર સીધો પ્રકાશ ફેંકે છે. શિક્ષણ મંત્રાલયે નોંધ્યું છે કે અગાઉના વર્ષ (૨૦૨૩-૨૪) માં શૂન્ય પ્રવેશ ધરાવતી શાળાઓની સંખ્યા ૧૨,૯૫૪ હતી, જેમાં ચાલુ વર્ષે ૫૦૦૦ જેટલો ઘટાડો થયો છે અને તે ૭૯૯૩ પર પહોંચી છે. જો કે, હજી પણ લગભગ ૮૦૦૦ શાળાઓનું અસ્તિત્વ, જ્યાં લાખો રૂપિયાના સરકારી ખર્ચે પગાર મેળવતા શિક્ષકો માત્ર હાજરી પૂરાવે છે, તે ગંભીર નાણાકીય અને સામાજિક નુકસાન છે. શૂન્ય પ્રવેશવાળી શાળાઓને તાત્કાલિક ધોરણે નજીકની કાર્યરત શાળાઓમાં મર્જ કરવી, ત્યાંના શિક્ષકોની અન્ય જરૂરિયાતમંદ શાળાઓમાં ફેરબદલી કરવી અને ઈમારતનો ઉપયોગ અન્ય સામુદાયિક કે સરકારી હેતુઓ માટે કરવો એ જ સંસાધનોના મહત્તમ ઉપયોગનો શ્રેષ્ઠ માર્ગ છે. જો આ શિક્ષકોની ઊર્જા અને પગારનો ઉપયોગ વિદ્યાર્થીઓથી ધમધમતી અન્ય શાળાઓમાં કરવામાં આવે, તો તેનાથી શિક્ષણની ગુણવત્તામાં સુધારો થશે. આંકડાઓ એક ચેતવણી આપે છે કે શિક્ષણ પ્રણાલીમાં જ્યાં વિદ્યાર્થીઓ નથી, ત્યાં શિક્ષકોને કાર્યરત રાખવા એ રાષ્ટ્રીય અપવ્યય છે, જેનો તાત્કાલિક અંત લાવવો જરૂરી છે. રાષ્ટ્રીય શિક્ષણનીતિના સપનાને સાકાર કરવા માટે, રાજ્યોએ સંસાધનોના તર્કસંગત ઉપયોગ અને શિક્ષણની ગુણવત્તા સુધારવા પર ધ્યાન કેન્દ્રિત કરવું પડશે. પરંતુ અમુક રાજ્ય સરકારોને આમાં રસ નથી, શાળાના સંચાલકો પણ આ ભ્રષ્ટાચારમાં સામેલ છે. શાળા એ સરસ્વતી માતાનું મંદિર છે જ્યાં જ્ઞાનની દેવીનું પૂજન થાય છે. શિક્ષણ જગતના કલંકને મિટાવવા માટે હવે કેન્દ્ર સરકારે સક્રિય થવાની તાત્કાલિક જરૂર છે.

# સંત શિરોમણી જલારામ બાપા : કરુણા અને સેવાના અવતાર

ગુજરાતની પાવન ભૂમિએ અનેક સંતો અને મહાપુરુષોને જન્મ આપ્યો છે, જેમણે પોતાના જીવન દ્વારા માનવતાની અજોડ સેવા કરી છે. આ સંત પરંપરામાં એક તેજસ્વી નામ એટલે વીરપુર નિવાસી સંત શ્રી જલારામ બાપાનું. બાપાનો જન્મ વિક્રમ સંવત ૧૮૫૬ની કારતક સુદ સાતમના પવિત્ર દિવસે થયો હતો, અને આ દિવસને આજે પણ સમગ્ર વિશ્વમાં જલારામ જયંતિ તરીકે ખૂબ જ શ્રદ્ધા અને આસ્થા સાથે ઉજવવામાં આવે છે. તેમનું જન્મસ્થળ રાજકોટ જિલ્લાનું વીરપુર ગામ છે, જે આજે કરોડો ભક્તો માટે એક પવિત્ર તીર્થધામ બની ગયું છે.

જલારામ બાપાનું બાળપણનું નામ જસા હતું. તેઓ લોહાણા જ્ઞાતિના ઠક્કર કુળમાં પ્રધાન ઠક્કર અને માતા રાજબાઈના ઘરે અવતર્યા હતા. નાનપણથી જ જસાને સાંસારિક મોહમાયામાં કોઈ રસ નહોતો. તેમનું મન હંમેશાં ભગવાન રામની ભક્તિમાં અને સાધુ-સંતોની સેવામાં પરોવાયેલું રહેતું. યુવાન વયે પહોંચ્યા ત્યાં સુધીમાં તો તેમની વૈરાગ્ય ભાવના એટલી પ્રબળ બની ગઈ કે તેમણે પોતાના પિતાના ધંધામાં પણ ધ્યાન આપવાનું બંધ કરી દીધું. તેમનો એકમાત્ર ધ્યેય ભક્તિ અને સેવા જ રહ્યો.

માત્ર ૧૬ વર્ષની ઉંમરે, સંવત ૧૮૭૨માં તેમના લગ્ન આટકોટના પ્રાગજીભાઈ ઠક્કર (સોમૈયા)ની દીકરી વીરબાઈ મા સાથે થયા. વીરબાઈ મા પણ સ્વયં એક ધર્મપરાયણ અને સેવાભાવી નારી હતા, જેમણે બાપાના સેવાકાર્યોમાં પડછાયાની જેમ સાથ આપ્યો. ખરેખર તો, વીરબાઈ મા વિના બાપાનો સેવાયજ્ઞ અધૂરો રહેત. ૧૮ વર્ષની ઉંમરે, તીર્થયાત્રા કરીને પાછા ફર્યા બાદ, તેઓ ફતેહપુરના સંત ભોજા ભગતના શિષ્ય બન્યા. ભોજા ભગતે તેમને રામ નામનો મંત્ર અને જપમાળા આપીને તેમના જીવનને સાચી દિશા આપી. ગુરુના આશીર્વાદ અને પત્નીના સમર્પણ સાથે, બાપાએ વીરપુરમાં એક એવા સેવાકાર્યનો પ્રારંભ કર્યો, જેણે તેમને 'જલિયાણ' તરીકેની અમર ઓળખ આપી.

'સદાવ્રત'નો પ્રારંભ અને પરચાની ગાથા - સંત જલારામ બાપાના જીવનનો મૂળભૂત સિદ્ધાંત 'સદાવ્રત' રહ્યો છે. સદાવ્રત એટલે સદાય ચાલતું વ્રત, જેમાં કોઈ પણ યાત્રાળુ, સાધુ કે ગરીબ વ્યક્તિ ભૂખ્યો ન રહે તેની ખાતરી કરવામાં આવતી. કારતક વદ બીજ, સંવત ૧૮૭૬ (તારીખ: ૧૮/૧૧/૧૮૨૦, સોમવાર)ના શુભ દિવસે તેમણે સદાવ્રતનો પ્રારંભ કર્યો. આ દિવસે તેમણે પોતાના ઘરેથી ભોજન આપવાનું શરૂ કર્યું અને આ અન્નક્ષેત્ર આજદિન સુધી, એટલે કે લગભગ ૨૦૦ વર્ષથી પણ વધુ સમયથી, અવિરતપણે ચાલુ છે. વીરપુરનું આ ધામ ભારતનું એકમાત્ર એવું ધર્મસ્થાન છે, જે વર્ષોથી કોઈપણ જાતનું દાન કે ભેટ સ્વીકાર્યા વિના, માત્ર ભગવાનની કૃપા અને ભક્તોના વિશ્વાસથી ચાલી રહ્યું છે.

બાપાની ખ્યાતિ માત્ર ભોજન કરાવવા પૂરતી સીમિત નહોતી, પણ તેમની સાચી ભક્તિને કારણે તેમને અનેક 'પરચા' દ્વારા ઈશ્વરીય શક્તિના દર્શન પણ થયા હતા. એક પ્રસંગે, ભોજન માટે અનાજના કોઠારો ખાલી થઈ ગયા હતા, ત્યારે બાપાની લાકડીના સ્પર્શથી




પ્રાસંગિક
સુરેશ દેસાઈ

ખાલી કોઠારો ફરી અનાજથી ભરાઈ ગયા હતા. આ ઉપરાંત, જલારામ બાપાની ભક્તિની કસોટી કરવા સ્વયં ભગવાન સાધુના રૂપમાં વીરપુર પધાર્યા હોવાની કથા પણ ખૂબ પ્રચલિત છે. આ સાધુએ બાપા પાસે તેમની સેવા માટે વીરબાઈ માની માંગણી કરી. ભગવાનની ઈચ્છા સમજીને વીરબાઈ મા પણ સાધુની સાથે જવા તૈયાર થયા. સાધુએ વીરબાઈ માની પરીક્ષા લીધા બાદ, તેમને ઝોળી અને ધોકો આપીને આશીર્વાદ સાથે પાછા મોકલ્યા. આ ઝોળી અને ધોકો આજે પણ વીરપુર મંદિરમાં જાળવવામાં આવેલ છે, જે બાપાની નિર્મળ ભક્તિનું પ્રતીક છે.

બાપાની કરુણા અને ભક્તિ માત્ર હિંદુ ધર્મના લોકો સુધી સીમિત નહોતી. હિંદુ અને મુસલમાન બંને ધર્મના લોકો તેમના અનુયાયીઓ બન્યા હતા. કહેવાય છે કે, જ્યારે એક મુસલમાન વેપારીના પુત્રની બીમારીથી સાજા થવાની આશા ડોક્ટરોએ છોડી દીધી હતી, ત્યારે બાપાના આશીર્વાદથી તે પુત્ર સાજો થયો હતો. આથી જ, તેમને 'જલા સો અલ્લા' એટલે કે 'જલા એ જ અલ્લાહ' તરીકે પણ ઓળખવામાં આવતા હતા. બાપાએ જીવનભર અન્નદાન અને માનવસેવાનો જે માર્ગ કંડાર્યો, તે આજે પણ લાખો લોકો માટે પ્રેરણાસ્રોત છે.


સંત શ્રી જલારામ બાપાના જન્મને સમગ્ર ગુજરાત અને દેશ-વિદેશમાં વસેલા લોહાણા સમાજ તેમજ અન્ય ભક્તો દ્વારા દર વર્ષે કારતક સુદ સાતમે હર્ષોલ્લાસ સાથે ઉજવવામાં આવે છે. આ દિવસને જલારામ જયંતિ તરીકે ઓળખવામાં આવે છે. દિવાળીના તહેવાર પછી આવતા આ ઉત્સવનું મુખ્ય આકર્ષણ અન્નદાન અને ભજન-કીર્તન છે.

જલારામ જયંતિના દિવસે, વીરપુર સહિત દુનિયાભરમાં આવેલા જલારામ મંદિરોમાં અને ભક્તસમૂહો દ્વારા મહાપ્રસાદ (ભોજન)નું આયોજન કરવામાં આવે છે. વીરપુરમાં તો આ દિવસે એક મોટો મેળો ભરાય છે. લાખો શ્રદ્ધાળુઓ અહીં બાપાના દર્શન કરવા અને પ્રસાદ ગ્રહણ કરવા ઊમટી પડે છે. સવારથી જ મંદિરોમાં બાપાની પ્રતિમાને શણગાર, પૂજા-અર્ચના, આરતી અને પ્રવચનો શરૂ થઈ જાય છે. ભક્તો બાપાના ગુણગાન ગાતા ભજન-ધૂન કરે છે અને આખો દિવસ 'જય જલારામ'ના નાદથી વાતાવરણ ગુંજી ઉઠે છે. આ દિવસે લોકો બાપાના જીવન સંદેશને યાદ કરીને, જરૂરિયાતમંદોને મદદ કરવા, ગરીબોને ભોજન કરાવવા અને માનવતાની સેવા કરવાના સંકલ્પ લે છે.

જલારામ બાપાએ સંવત ૧૯૩૭ની મહા વદ દશમ, બુધવાર (તારીખ: ૨૩/૦૨/૧૮૮૧)ના રોજ ૮૧ વર્ષની ઉંમરે ભજન ગાતાં ગાતાં પોતાનો દેહત્યાગ કર્યો. પરંતુ, તેમનું સદાવ્રત આજે પણ ચાલુ છે. વીરપુરનું ધામ આજે માત્ર ગુજરાત કે ભારતમાં જ નહીં, પણ સમગ્ર વિશ્વમાં ધર્મ, પ્રેમ, કરુણા અને નિઃસ્વાર્થ સેવાનું પ્રતીક બની ગયું છે. જલારામ જયંતિ આપણને શીખવે છે કે, સાચી ભક્તિ ઈશ્વરની મૂર્તિ પૂજામાં નહીં, પણ ગરીબ અને જરૂરિયાતમંદની સેવામાં છુપાયેલી છે. તેમના જીવનનો સંદેશ સરળ છે: "સેવા એ જ ધર્મ છે."

જય જલારામ.

## શબ્દ સંજોગ-૨૦૯૦



**આડી ચાવી :**
(૧) મુર્છા આણતો વાયુનો એક રોગ (૪)
(૪) ઝંખવાણું, શરમીંદુ (૩)
(૭) એક મોટુ માંસાહારી પક્ષી (૨)
(૯) નાના બાળકોને જોઈએ (૪)
(૧૨).......તે...........(૧)
(૧૪) લાંચ, બાતમી (૨)
(૧૬) મધમાખીઓએ એકઠો કરેલો ફૂલનો રસ (૨)
(૧૭) જુ નામના જંતુના ઈંડા (૨)
(૨૦) નફો ચડાવ્યા વિનાનું (૪)
(૨૨) પુખ્ત, પાકુ (૩)
(૨૪) ધાતુના પતરા કાપવાની કાતર (૪)
(૨૬) અવહેલના, તિરસ્કાર (૩)
(૨૭) એક જાતનો સફેદ કેમતી પથ્થર કે રત્ન (૩)
(૨૮) પંજો એની કે એવી મજબૂત પકડ (૩)

**ઊભી ચાવી :**
(૧) મેંદી (૨)
(૨) આગબોટ (૩)
(૩) એક અટક (૩)
(૪)કલગીની જેમ ખોસેલો ઊડતો કે ઝૂલતો ફેટો (૨)
(૫) દ.ભારતના પુરુષોનો એક પહેરવેશ (૪)
(૮) ધર્મની બાબતમાં અગ્રેસર (૪)
(૧૦) નાશવંત, મરવાના નસીબવાળુ (૨)
(૧૧) આ તો દુરથી રળીયામણા (૩)
(૧૩) શરીરના અમુક ભાગમાં સ્પર્શથી સળવળાટથી મજેદાર અસર (૪)
(૧૫) ભાંગે નહી પણ વળે એવુ (૪)
(૧૬) પેટે, સાટે (૩)
(૧૮) ખેતરમાં ઊગેલુ નકામુ ઘાસ (૨)
(૧૯) વરદાન, પતિ (૨)
(૨૧) રુખસદ, બરતરફી (૩)
(૨૨) માગવા જતા જાચક રોજ સંભળાવે છે તે ઉક્તિ (૩)
(૨૩) તંબુની કપડાની ભીંત (૩)
(૨૪) કેડ, શરીરનો મધ્ય ભાગ (૨)
(૨૫) આ કોઈની રાહ જોઈને ક્યારેય ઊભી રહેતી નથી (૨)

## શબ્દ સંજોગ-૨૦૮૯ જવાબ

**આડી ચાવી** : (૧) શિરતાજ (૪) માકૂલ (૬) રોચક (૭) નખ (૮) યમ (૧૦) વના (૧૧) જડ (૧૨) સલાટ (૧૪) તન (૧૬) સંગ (૧૭) રઈજા (રજાઈ) (૧૯) સામોપાય (૨૧) ગાસ (૨૩) રાહ (૨૪) મીગ(ગમી)(૨૬) મીરજા (૨૮) પનડો (૨૯) માવઠું (૩૧) ચરખો (૩૨) શ્વાસ. **ઊભી ચાવી** : (૧) શિરોવર્તી (૨) રચના (૩) તાક (૪) માખ (૫) લયલા (૭) નડતર (૯) મટર (૧૩) લગપા(પાગલ) (૧૫) નઈ (૧૬) સંમોહન (૧૮) જાગામીહું (૧૯) સારાપટી (૨૦) યમી (૨૨) સર (૨૫) ગમાર (૨૭) જાસૂસ (૩૦) વખો.

# સૌરાષ્ટ્ર માર્કેટિંગયાર્ડ

| | | |
|---|---|---|
| **રાજકોટ** | | |
| કપાસ બી.ટી. | ૧૩૫૦ | ૧૫૬૫ |
| ઘઉં લોકવન | ૫૧૬ | ૫૨૯ |
| ઘઉં ટુકડા | ૫૧૯ | ૫૮૧ |
| જુવાર સફેદ | ૬૪૮ | ૯૦૦ |
| જુવાર લાલ | ૫૦૦ | ૭૦૦ |
| બાજરી | ૩૦૦ | ૩૯૧ |
| મકાઇ | ૩૫૧ | ૪૨૧ |
| તુવેર | ૧૦૦૦ | ૧૩૬૫ |
| ચણા પીળા | ૯૩૦ | ૧૧૨૧ |
| ચણા સફેદ | ૧૨૦૦ | ૧૯૦૦ |
| અડદ | ૧૧૩૦ | ૧૪૩૫ |
| મગ | ૯૧૧ | ૧૫૬૦ |
| વાલ દેશી | ૬૧૧ | ૯૭૧ |
| ચોળી | ૬૧૦ | ૧૨૫૧ |
| મઠ | ૧૦૦૦ | ૧૮૮૦ |
| વટાણા | ૭૫૦ | ૧૭૦૦ |
| કળથી | ૫૪૦ | ૬૭૫ |
| રાજમા | ૧૦૧૫ | ૧૪૦૦ |
| મગફળી જાડી | ૯૫૦ | ૧૧૮૦ |
| મગફળી જીણી | ૮૫૦ | ૧૧૪૦ |
| તલી | ૧૪૧૦ | ૧૯૬૧ |
| એરંડા | ૧૨૩૦ | ૧૨૮૬ |
| અજમો | ૧૧૫૧ | ૧૧૫૧ |
| સુવા | ૧૦૦૦ | ૧૦૦૦ |
| સોયાબીન | ૭૫૦ | ૮૪૯ |
| સીંગફાડા | ૧૦૦૦ | ૧૨૬૦ |
| કાળા તલ | ૨૯૦૦ | ૪૧૦૦ |
| લસણ | ૪૫૦ | ૭૨૦ |
| ધાણા | ૧૨૦૦ | ૧૪૦૪ |
| મરચા સુકા | ૩૧૦૦ | ૩૧૦૦ |
| ધાણી | ૧૨૨૫ | ૧૪૨૫ |
| વરીયાળી | ૮૫૦ | ૧૨૮૦ |
| જીરૂ | ૩૧૫૦ | ૩૬૧૩ |
| રાય | ૧૩૫૦ | ૧૬૮૦ |
| મેથી | ૮૨૦ | ૧૨૭૫ |
| રાયડો | ૧૦૫૦ | ૧૨૭૦ |
| રજકાનું બી | ૫૦૦૦ | ૮૩૫૦ |
| ગુવારનું બી | ૮૦૦ | ૮૬૦ |
| **રાજકોટ (શાકભાજી)** | | |
| લીંબુ | ૪૯૧ | ૧૧૪૮ |
| પપૈયા | ૬૧ | ૧૩૯ |
| બટેટા | ૨૧૧ | ૪૦૮ |
| ડુંગળી સુકી | ૫૧ | ૩૩૧ |
| ટમેટા | ૨૧૧ | ૩૬૮ |
| સુરણ | ૭૮૩ | ૯૭૧ |
| કોથમરી | ૮૬૧ | ૧૪૩૧ |
| મુળા | ૨૨૪ | ૩૪૫ |
| રીંગણા | ૩૨૧ | ૬૩૧ |
| કોબીજ | ૧૦૭ | ૨૨૮ |
| ફ્લાવર | ૪૦૫ | ૬૧૧ |
| ભીંડો | ૪૧૧ | ૬૩૩ |
| ગુવાર | ૧૧૯૮ | ૧૮૧૭ |
| ચોળાસીંગ | ૫૦૨ | ૧૦૧૪ |
| વાલોળ | ૮૧૨ | ૧૨૧૬ |
| ટીંડોળા | ૪૨૩ | ૮૩૮ |
| દુધી | ૨૦૨ | ૪૧૭ |
| કારેલા | ૬૧૩ | ૮૩૧ |
| સરગવો | ૧૫૨૬ | ૨૦૩૨ |
| તુરીયા | ૩૪૨ | ૯૪૮ |
| પરવર | ૮૧૮ | ૧૦૩૯ |
| કાકડી | ૩૦૯ | ૬૦૧ |
| ગાજર | ૪૯૭ | ૬૧૮ |
| ગલકા | ૪૦૬ | ૬૧૫ |
| બીટ | ૨૫૮ | ૪૧૧ |
| મેથી | ૩૧૧ | ૪૭૧ |
| વાલ | ૧૧૯૮ | ૧૮૧૧ |
| ડુંગળી લીલી | ૨૪૧ | ૪૦૧ |
| આદુ | ૯૪૬ | ૧૧૩૬ |
| મરચા લીલા | ૩૩૫ | ૧૦૨૬ |
| હળદર લીલી | ૬૨૧ | ૮૪૯ |
| લસણ લીલું | ૧૯૮૬ | ૨૮૯૮ |
| મકાઇ લીલી | ૨૦૬ | ૩૧૫ |
| **ગોંડલ** | | |
| કપાસ | ૧૨૦૧ | ૧૫૭૧ |
| ઘઉં લોકવન | ૫૧૦ | ૫૫૮ |
| ઘઉં ટુકડા | ૫૧૦ | ૬૧૪ |
| સિંગદાણા જાડા | ૧૧૩૧ | ૧૨૭૧ |
| સિંગ ફાડીયા | ૭૦૦ | ૧૨૭૧ |
| એરંડા / એરંડી | ૧૦૦૧ | ૧૩૦૬ |
| જીરૂ | ૨૯૫૧ | ૩૬૯૧ |
| ક્લંજી | ૩૨૨૬ | ૪૭૮૧ |
| વરીયાળી | ૮૧૧ | ૮૫૧ |
| ધાણા | ૮૦૦ | ૧૫૨૬ |
| લસણ સુકું | ૪૦૧ | ૮૫૧ |
| ડુંગળી લાલ | ૫૧ | ૨૫૧ |
| અડદ | ૮૦૦ | ૧૩૮૧ |
| તુવેર | ૮૫૧ | ૧૪૦૧ |
| રાયડો | ૧૧૪૧ | ૧૧૪૧ |
| રાય | ૧૪૬૧ | ૧૫૦૧ |
| મેથી | ૭૧૧ | ૯૫૧ |
| સુવાદાણા | ૧૦૬૧ | ૧૦૬૧ |
| ગુવાર બી | ૬૯૧ | ૬૯૧ |
| સફેદ ચણા | ૧૦૫૧ | ૧૯૪૧ |
| ધાણી | ૧૦૦૦ | ૧૫૪૧ |
| બાજરો | ૩૦૧ | ૪૧૧ |
| જુવાર | ૪૦૧ | ૫૦૧ |
| મકાઇ | ૪૧૧ | ૫૧૧ |
| મગ | ૮૭૬ | ૧૯૧૧ |
| ચણા | ૯૫૧ | ૧૧૨૧ |
| વાલ | ૭૫૧ | ૧૦૪૧ |
| અજમાં | ૧૨૨૧ | ૧૨૨૧ |
| ગોગળી | ૬૦૧ | ૯૧૧ |
| **ગોંડલ (શાકભાજી)** | | |
| ટમેટા | ૧૬૦ | ૪૦૦ |
| મરચા | ૨૦૦ | ૧૨૦૦ |
| ગુવાર | ૫૦૦ | ૧૬૦૦ |
| કોબી | ૧૦૦ | ૩૦૦ |
| દુધી | ૧૦૦ | ૭૦૦ |
| ફ્લાવર | ૨૦૦ | ૭૦૦ |
| કાકડી | ૨૦૦ | ૬૦૦ |
| રીંગણા | ૬૦ | ૬૦૦ |
| ભીંડો | ૧૦૦ | ૮૦૦ |
| ગલકા | ૨૦૦ | ૬૦૦ |
| ગાજર | ૬૦૦ | ૧૨૦૦ |
| ટિંડોરા | ૩૦૦ | ૧૦૦૦ |
| તુવેર | ૫૦૦ | ૧૦૦૦ |
| વાલ | ૫૦૦ | ૧૨૦૦ |
| વટાણા | ૪૦૦૦ | ૫૦૦૦ |
| કેરી કાચી | ૧૬૦૦ | ૨૦૦૦ |
| બટેટા | ૩૦૦ | ૪૦૦ |
| આંબળા | ૫૦૦ | ૧૦૦૦ |
| લીલી હળદર | ૭૮૦ | ૧૨૦૦ |
| ડુંગળી પુરા | ૪ | ૮ |
| તાંજરીયા પુરા | ૨ | ૬ |
| કોથમીર પુરા | ૧ | ૬ |
| મૂળા પુરા | ૫ | ૧૦ |
| ફોદીનો પુરા | ૨ | ૬ |
| કાચા કેળા | ૮૦ | ૨૦૦ |
| પચકારુ | ૪૦૦ | ૬૦૦ |
| ચ્રૂણ | ૯૮૦ | ૧૨૦૦ |
| પરવર | ૮૦૦ | ૧૦૦૦ |
| ઘીસોડા | ૧૮૦ | ૮૦૦ |
| લીંબુ | ૨૦૦ | ૮૦૦ |
| મેથી પુરા | ૧ | ૮ |
| સરગવો પુરા | ૧૫ | ૨૫ |
| ચોરા | ૨૦૦ | ૫૦૦ |
| કારેલા | ૨૦૦ | ૫૦૦ |
| વાલોર | ૩૦૦ | ૧૦૦૦ |
| કાચા પોપૈયા | ૬૦ | ૨૪૦ |
| આદુ | ૮૦૦ | ૧૬૦૦ |
| મકાઈ ડોડા | ૧૮૦ | ૪૦૦ |
| લસણ પુરા | ૫ | ૧૦ |
| પાલક પુરા | ૧ | ૫ |
| **અમરેલી** | | |
| શિંગ મઠડી | ૮૧૬ | ૧૦૯૧ |
| શિંગ મોટી | ૬૭૦ | ૧૧૪૦ |
| શિંગદાણા | ૯૦૦ | ૯૦૦ |
| તલ સફેદ | ૧૩૦૦ | ૨૨૩૦ |
| તલ કાળા | ૨૫૦૦ | ૪૩૦૦ |
| તલ કાશ્મીરી | ૨૧૩૨ | ૨૧૩૨ |
| જુવાર | ૭૩૫ | ૭૩૫ |
| ઘઉં ટુકડા | ૪૭૩ | ૫૫૦ |
| ઘઉં લોકવન | ૫૩૦ | ૫૮૮ |
| ચણા | ૮૫૦ | ૯૮૦ |
| કપાસ | ૧૦૦૦ | ૧૬૦૧ |
| એરંડા | ૧૨૦૦ | ૧૨૩૭ |
| જીરૂ | ૨૯૦૦ | ૩૩૮૫ |
| સોયાબીન | ૭૨૮ | ૩૩૮૫ |
| **અમરેલી (શાકભાજી)** | | |
| બટેટા | ૩૨૦ | ૪૪૦ |
| રીંગણા | ૨૦૦ | ૪૦૦ |
| ફ્લાવર | ૬૨૦ | ૮૦૦ |
| કોબીજ | ૧૨૦ | ૩૨૦ |
| શકકરીયા | ૬૨૦ | ૮૪૦ |
| ટમેટાં | ૩૦૦ | ૩૫૦ |
| સુરણ | ૭૦૦ | ૮૦૦ |
| ગાજર | ૮૦૦ | ૧૨૦૦ |
| દુધી | ૧૫૦ | ૩૦૦ |
| કારેલા | ૫૨૦ | ૬૪૦ |
| ગલકા | ૩૦૦ | ૬૦૦ |
| મુળા | ૨૦૦ | ૩૦૦ |
| કાકડી | ૨૨૦ | ૪૫૦ |
| ગુવાર | ૫૦૦ | ૧૨૪૦ |
| વાલોળ | ૬૦૦ | ૭૦૦ |
| વટાણા | ૩૦૦૦ | ૪૦૦૦ |
| ચોળા લીલા | ૨૫૦ | ૭૦૦ |
| તુરીયા | ૬૧૦ | ૬૨૦ |
| વાલ | ૧૦૨૦ | ૧૨૪૦ |
| આમળા | ૬૦૦ | ૯૦૦ |
| ભીંડો | ૨૦૦ | ૪૦૦ |
| હળદર લીલી | ૮૨૦ | ૧૦૫૦ |
| આદુ | ૧૧૫૦ | ૧૩૪૦ |
| કોથમીર | ૬૦૦ | ૧૦૦૦ |
| મેથીભાજી | ૮૦૦ | ૧૦૦૦ |
| ફોદીનો | ૮૦૦ | ૯૨૦ |
| ટીંડોરા | ૬૦૦ | ૮૪૦ |
| બીટ | ૬૪૦ | ૯૫૦ |
| તુવેર | ૮૦૦ | ૧૪૦૦ |
| સરગવો | ૧૫૦૦ | ૧૮૦૦ |
| લીમડો મીઠો | ૨૦૦ | ૩૦૦ |
| મરચાં લીલાં | ૬૦૦ | ૧૩૦૦ |
| મરચાં લાલ | ૩૨૦ | ૧૦૨૦ |
| ડુંગળી લીલી | ૩૦૦ | ૪૦૦ |
| ડુંગળી સુકી | ૧૦૦ | ૨૭૦ |
| લસણ લીલું | ૮૦૦ | ૧૪૦૦ |
| લસણ સુકું | ૫૦૦ | ૧૨૦૦ |
| ચીભડા | ૪૫૦ | ૬૫૦ |
| લીંબુ | ૫૪૦ | ૮૦૦ |
| મકાઈ | ૨૨૦ | ૩૪૦ |
| **બાબરા** | | |
| કપાસ શંકર નવો | ૧૧૫૦ | ૧૫૪૦ |
| મગફળી | ૯૩૮ | ૧૦૫૨ |
| મગ | ૧૨૭૦ | ૧૫૫૦ |
| **સાવરકુંડલા** | | |
| શીંગ જીણી | ૯૫૦ | ૧૧૨૦ |
| શીંગ મોટી | ૮૫૦ | ૧૦૫૧ |
| કપાસ | ૧૫૦૦ | ૧૬૦૨ |
| મગ | ૧૪૫૧ | ૨૭૫૧ |
| **ધારી** | | |
| કપાસ એ | ૧૪૭૬ | ૧૫૦૫ |
| કપાસ કોડી | - | - |
| મગફળી | ૮૧૧ | ૮૧૧ |
| **રાજુલા** | | |
| શીંગ | ૧૦૭૬ | ૧૦૭૬ |
| કપાસ | ૧૪૫૧ | ૧૪૮૧ |
| સોયાબીન | ૭૫૧ | ૭૫૧ |
| **ભેંસાણ** | | |
| કપાસ | ૧૦૦૧ | ૧૫૧૬ |
| ઘઉં | ૪૦૦ | ૫૨૬ |
| ચણા | ૭૦૧ | ૧૦૫૬ |
| અડદ | ૭૫૧ | ૧૨૦૧ |
| મગફળી | ૬૦૧ | ૧૧૫૧ |
| શીંગ ફાડા | ૧૦૦૧ | ૧૧૦૧ |
| તલ સફેદ | ૧૦૦૧ | ૧૭૫૧ |
| ધાણા | ૧૦૦૧ | ૧૩૫૧ |
| સોયાબીન | ૬૫૧ | ૮૫૧ |

Printed and Published by Vasantbhai Bavabhai Movliya on behalf of Director Sanjog India News Private Limited. Printed at Sanjog Press, Sanjog India News Private Limited keriya gam road opp. hanuman vadi, near bypaas Amreli -365601 and published at Sanjog India News Private Limited keriya gam road opp. hanuman vadi near bypass amreli. Editor Vasantbhai Bavabhai Movliya Resident Editor : N. B. Desai (Responsible for the selection of News Under PRB Act (c). phone : 02792-225225, RNI.No.:GUJ GUJ/2017/75270, Title code : GUJ GUJ 16801

# અમદાવાદ વડોદરા એક્સપ્રેસ હાઈવે પર ટ્રિપલ અકસ્માતમાં ત્રણ લોકોના મોત

અમદાવાદ, તા.૨૭



કણભા પાસે ૨૭મી ઓક્ટોબરની સવારે કાર, ખાનગી લક્ઝરી અને ટ્રકનો ગોઝારો ટ્રિપલ અકસ્માત થયો હતો. આ ગમખ્વાર અકસ્માતમાં ત્રણ લોકોના મોતના સમાચાર પણ સામે આવી રહ્યા છે. આ સાથે બસમાં બેઠેલા આઠ જેટલા લોકો ઈજાગ્રસ્ત થયાની પણ માહિતી મળી રહી છે. આ ઈજાગ્રસ્તોને સારવાર માટે લઈ જવામાં આવ્યા છે.

ખાનગી બસ (પટેલ ટ્રાવેલ્સ) અને એક ફોરવ્હીલ ગાડીનો અકસ્માત થયો હતો. જે અનુસંધાને તેઓ રોડ ઉપર ઉભા હતા. આ દરમ્યાન પાછળથી રાજસ્થાન પાસિંગની ટ્રકે ખાનગી બસને પાછળથી ટક્કર મારી દીધી હતી. આ ગોઝારી ટક્કર બાદ ટ્રાવેલ્સના પેસેન્જરમાંથી ત્રણ વ્યક્તિના મોત થયા છે. આ સાથે ખાનગી બસની અંદર બેઠેલા સાતથી આઠ મુસાફરોને નાની મોટી ઈજાઓ થઈ છે. તમામ ઈજાગ્રસ્તોને એમ્બ્યુલન્સ દ્વારા સારવાર અર્થે હોસ્પિટલ પહોંચાડવામાં આવ્યા છે.

# ખાદ્ય પદાર્થમાં ભેળસેળ કરનાર સામે સરકાર કડક હાથે કાર્યવાહી કરશે : પ્રફુલ પાનશેરીયા

ગાંધીનગર,તા.૨૭



રાજ્યના આરોગ્ય અને પરિવાર કલ્યાણ (રાજ્ય કક્ષા સ્વતંત્ર હવાલો) મંત્રી પ્રફુલ પાનશેરીયાએ નવા વર્ષના કામગીરીના પ્રથમ દિવસે આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગની સરપ્રાઈઝ વિઝીટ કરી હતી. મંત્રીએ વિભાગના અધિકારીઓ-કર્મચારીઓને માનવતા, આધ્યાત્મિકતા સાથે લોકોની સેવા કરવા માર્ગદર્શન આપ્યું હતું.

મંત્રીએ વિભાગની તમામ શાખાઓની મુલાકાત લઈ કર્મચારીઓ સાથે સંવાદ કર્યો હતો. આગામી દિવસોમાં આરોગ્ય વિભાગ નવા સંશોધનોની કામગીરી સાથે ટંગ મેનેજમેન્ટ પર પણ ધ્યાન આપશે. દર્દીનારાયણની આત્મીયતાપૂર્વક સેવાઓને પ્રાધાન્ય આપવામાં આવશે.

મંત્રીએ ભેળસેળ કરનારા તત્વોને ચેતવણી આપતા કહ્યું હતું કે, ખોરાકમાં ભેળસેળ કરનાર એકપણ વ્યક્તિને બક્ષવામાં નહીં આવે. આવા ભયંકર પાપ કરનારા લોકો સુધરી જાય નહીંતર આગામી દિવસોમાં તેના પર પણ કાર્યવાહી કરવામાં આવશે. આ સાથે જ આગામી દિવસોમાં આરોગ્ય વિભાગના સિવિલ હોસ્પિટલથી માંડી સી.એચ.સી., પી.એચ.સી. તથા તમામ આરોગ્ય કેન્દ્ર ખાતે પણ મેગા સ્વચ્છતા અભિયાન હાથ ધરવામાં આવશે.

# કોળી-ઠાકોર વિકાસ નિગમમાં ચેરમેનની તાત્કાલિક નિમણૂક કરવા મુખ્યમંત્રીને રજૂઆત

**ચેરમેન પદ ખાલી હોવાથી સમાજના લોકો અનેક યોજનાઓથી વંચિત**

કોડીનાર,તા.૨૭

ગુજરાત ઠાકોર અને કોળી વિકાસ નિગમમાં લાંબા સમયથી ચેરમેન પદ ખાલી હોવાથી તેમજ શૈક્ષણિક લોન યોજનામાં આવતી અડચણો દૂર કરવા માટે અખિલ ભારતીય કોડીનાર તાલુકા ઘેડીયા કોળી સમાજ કોડીનારના પ્રમુખ અરસીભાઈ સોલંકીએ ગુજરાતના મુખ્યમંત્રી સમક્ષ લેખિતમાં માંગણી કરી હતી. રજૂઆતમાં જણાવાયું છે કે, ગુજરાતમાં કોળી-ઠાકોર સમાજની વસ્તી સૌથી વધુ હોવા છતાં ઠાકોર અને કોળી વિકાસ નિગમમાં લાંબા સમયથી ચેરમેન પદ ખાલી છે. જેના કારણે સમાજના લોકોને નિગમની વિવિધ યોજનાઓ અને લાભો મેળવવામાં ભારે હાલાકી વેઠવી પડે છે. આથી, સમાજના હિતમાં તાત્કાલિક ધોરણે નિગમમાં ચેરમેનની નિમણૂક કરવામાં આવે તેવી માંગ કરવામાં આવી છે.

# ઉનાના જુની વાજડી ગામ નજીક રેલવે પીઆઈની કાર પાણીમાં તણાઈ

ઉના,તા.૨૭



તસવીર : કૈલાશ ભટ્ટ

ઉના તાલુકાના જૂની વાજડી ગામે બરોડા રેલવેના પી.આઈ. એમ. આર. નકુમની કાર છેલુ નહેરમાં અચાનક આવેલા પાણીના ધસમસતા પ્રવાહમાં તણાઈ ગઈ હતી. પી.આઈ. નકુમ, તેમની પત્ની અને પુત્ર કારમાં સવાર હતા. પુત્રએ સમયસર પાછળનો દરવાજો ખોલી દેતાં ત્રણેયનો આબાદ બચાવ થયો હતો. ગ્રામજનોએ તાત્કાલિક બે ટ્રેકટરની મદદથી કારને પાણીમાંથી બહાર કાઢી હતી.

# રાજ્યમાં કડદા પ્રથા બંધ કરવાની માંગ સાથે ખેડૂતો ફરી રસ્તા પર ઉતરશે

ગાંધીનગર,તા.૨૭

સૌરાષ્ટ્ર ખેડૂતોના આંદોલનનું એપી સેન્ટર બની રહ્યું છે, જ્યાં કડદા પ્રથા બંધ કરવા માંગ ઉઠી રહી છે. હવે જોવું એ રહ્યું કે, ગુજરાતમાં ખેડૂત આંદોલન કેવું અને કેટલું સળગશે, અને આંદોલનની આ આગના પડઘા ગુજરાત સરકાર સુધી પહોંચશે કે નહિ. સુરેન્દ્રનગર જિલ્લાના મૂળી તાલુકામાં આજે ખેડૂતોનો રોષ ફાટી નીકળ્યો હતો. બોટાદ જિલ્લાના હડદડ ગામમાં ખેડૂતો પર થયેલા દમન અને અન્યાય સામે કિસાન એકતા મંચ ગુજરાતના નેજા હેઠળ મોટી સંખ્યામાં ખેડૂતોએ ઉપસ્થિત રહી મૂળી મામલતદાર કચેરી ખાતે ઉગ્ર રજૂઆત કરી હતી. ખેડૂતોના આગેવાનોએ મામલતદારને આવેદનપત્ર પાઠવી અનેક માંગણીઓ રજૂ કરી હતી. આવેદનપત્રમાં જણાવ્યા પ્રમાણે કપાસના પાકની ખરીદી વખતે વેપારીઓ દ્વારા ખેડૂતોને મળતા ભાવમાં થતો 'કડદો' તાત્કાલિક રીતે બંધ કરાવવો, તેમજ સરકાર દ્વારા ટેકાના ભાવે મગફળીની ખરીદી માટે નક્કી કરાયેલી ૭૦ મણની લિમિટ વધારીને ઓછામાં ઓછું ૨૫૦ મણ કરવામાં આવે તેવી મુખ્ય માંગણી કરવામાં આવી હતી.

# ગાંધીનગરના માણસા પંથકના ચાર લોકોનું ઈરાનમાં અપહરણ

ગાંધીનગર,તા.૨૭



વિદેશ જવાની ઘેલછામાં ઉત્તર ગુજરાતના વધુ ચાર લોકો મુશ્કેલીમાં મૂકાયા હોવાનું સામે આવ્યું છે. ગાંધીનગરના માણસા તાલુકાના બાપુપુરા ગામના ચાર લોકો ઓસ્ટ્રેલિયા જવા માટે નીકળ્યા બાદ ઈરાનમાં અપહરણ થયું હોવાનું સામે આવ્યું છે. અપહરણકારો દ્વારા બાપુપુરા ગામમાં રહેતા પરિવારજનોને અપહત લોકોનો વીડિયો મોકલી કરોડો રૂપિયાની ખંડણી માગવામાં આવતા પરિવારજનો ચિંતિત બન્યા છે. આ મામલે માણસાના ધારાસભ્ય જે.એસ. પટેલને જાણ થતા તેઓએ કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહને પત્ર લખી મદદ માગી છે.


**-// એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટસાહેબ કોડીનારની કોર્ટમાં //-**

નં.જન્મ-મરણ કેસ.નં.૧૮૧/૨૦૨૫

**પ્રતિ,**
શ્રી કાળીબેન ભાનુભાઈ સોલંકી,
રહે.દુદાણા, ગામ-દુદાણા,
તાલુકો-કોડીનાર, જિલ્લો-ગીર સોમનાથ
વકીલશ્રી, એન.એમ.જાદવ કોડીનાર .....**અરજદાર**
**વિરૂધ્ધ**
રજીસ્ટારશ્રી (જન્મ-મરણ) અને તલાટી-કમ-મંત્રીશ્રી, ગ્રામ પંચાયત દુદાણા,
તા.કોડીનાર, જિલ્લો-ગીર સોમનાથ ......**સામાવાળા**

**-:: જાહેર નોટીસ ::-**

આથી લાગતા વળગતાઓને આ નોટીસથી જાણ કરવામાં આવે છે કે, કોડીનાર તાલુકાના દુદાણા ગામના રહીશ ભાનુભાઈ કરશનભાઈ સોલંકી તથા કાળીબેન ભાનુભાઈ સોલંકીના પુત્ર શાંતિબેન ભાનુભાઈ સોલંકીનો જન્મ તારીખ ૦૩/૧૨/૧૯૯૮ ના રોજ કોડીનાર તાલુકાના દુદાણા ગામ ખાતે થયેલ છે. જેની જન્મ નોંધણી રજીસ્ટરમાં તેમના જન્મની નોંધ ગ્રામ પંચાયત દુદાણા, તાલુકો-કોડીનાર સને.૧૯૯૮ ના જન્મ રજીસ્ટરે લખવાની રહી ગયેલ છે. જે નામ જન્મ રજીસ્ટરે નોંધ કરવા અત્રેની કોર્ટમાં અરજી કરેલ છે. આ કામના સામાવાળાને જન્મ નોંધ દફતરે ચડાવી આપવા સામે કોઈને વાંધો હરકત સરખુ હોય તો તેમને જાતે અગર તેમના મુખત્યાર અથવા વકીલ મારફત અત્રેની કોર્ટમાં મુદત તા.૨૮/૧૦/૨૦૨૫ના રોજ ૧૫:૦૦ કલાકે વાંધા તકરાર સાથે હાજર રહેવુ અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે.

આજ તા.૧૫/૧૦/૨૦૨૫ ના રોજ મારી સહી તથા સિક્કો કરીને આપ્યા.

**સહી,**
**(એચ.કે.ભાસ્કર)**
**એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ**
**કોડીનાર**

**-// એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ સાહેબ કોડીનારની કોર્ટમાં //-**

નં.જન્મ-મરણ કેસ.નં.૧૮૫/૨૦૨૫

**પ્રતિ,**
શ્રી નારણભાઈ જેઠાભાઈ વાઢેર,
રહે.મિતિયાજ,ગામ-મિતિયાજ,
તાલુકો-કોડીનાર, જિલ્લો-ગીર સોમનાથ
વકીલશ્રી, જી.પી.રાઠોડ કોડીનાર .....**અરજદાર**
**વિરૂધ્ધ**
રજીસ્ટારશ્રી (જન્મ-મરણ) અને તલાટી-કમ-મંત્રીશ્રી, ગ્રામ પંચાયત મિતિયાજ,
તાલુકો-કોડીનાર, જિલ્લો-ગીર સોમનાથ ......**સામાવાળા**

**-:: જાહેર નોટીસ ::-**

આથી લાગતા વળગતાઓને આ નોટીસથી જાણ કરવામાં આવે છે કે, કોડીનાર તાલુકાના મિતિયાજ ગામના રહીશ જેઠાભાઈ મસરીભાઈ વાઢેર તથા રખુબેન જેઠાભાઈ વાઢેરના પુત્ર વિજાણંદભાઈ જેઠાભાઈ વાઢેરનો જન્મ તારીખ ૦૧/૦૬/૧૯૬૯ ના રોજ કોડીનાર તાલુકાના મિતિયાજ ગામ ખાતે થયેલ છે. જેની જન્મ નોંધણી રજીસ્ટરમાં તેમના જન્મની નોંધ ગ્રામ પંચાયત મિતિયાજ, તાલુકો-કોડીનાર સને.૧૯૬૯ ના જન્મ રજીસ્ટરે લખવાની રહી ગયેલ છે. જે નામ જન્મ રજીસ્ટરે નોંધ કરવા અત્રેની કોર્ટમાં અરજી કરેલ છે. આ કામના સામાવાળાને જન્મ નોંધ દફતરે ચડાવી આપવા સામે કોઈને વાંધો હરકત સરખુ હોય તો તેમને જાતે અગર તેમના મુખત્યાર અથવા વકીલ મારફત અત્રેની કોર્ટમાં મુદત તા.૨૮/૧૦/૨૦૨૫ના રોજ ૧૫:૦૦ કલાકે વાંધા તકરાર સાથે હાજર રહેવુ અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે.

આજ તા.૧૫/૧૦/૨૦૨૫ ના રોજ મારી સહી તથા સિક્કો કરીને આપ્યા.

**સહી,**
**(એચ.કે.ભાસ્કર)**
**એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ**
**કોડીનાર**

**-// એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટસાહેબ કોડીનારની કોર્ટમાં //-**

નં.જન્મ-મરણ કેસ.નં.૧૭૯/૨૦૨૫

**પ્રતિ,**
શ્રી તુલસીભાઈ સાકરભાઈ લોઢારી,
રહે.રામદેવ મંદિરની બાજુમા, ભીડીયા, ગામ-વેરાવળ,
તાલુકો-વેરાવળ, જિલ્લો-ગીર સોમનાથ
વકીલશ્રી, એસ.જે.મેર તથા એમ.એમ.બોરિચા કોડીનાર .....**અરજદાર**
**વિરૂધ્ધ**
રજીસ્ટારશ્રી (જન્મ-મરણ) અને તલાટી-કમ-મંત્રીશ્રી, ગ્રામ પંચાયત મુળદ્વારકા,
તા.કોડીનાર, જિલ્લો-ગીર સોમનાથ ......**સામાવાળા**

**-:: જાહેર નોટીસ ::-**

આથી લાગતા વળગતાઓને આ નોટીસથી જાણ કરવામાં આવે છે કે, વેરાવળ તાલુકાના વેરાવળ ગામના રહીશ તુલસીભાઈ સાકરભાઈ લોઢારી તથા હંસાબેન તુલસીભાઈ લોઢારીના પુત્રી મોનિકા તુલસીભાઈ લોઢારીનો જન્મ તારીખ ૦૪/૦૫/૨૦૦૫ ના રોજ કોડીનાર તાલુકાના મુળદ્વારકા ગામ ખાતે થયેલ છે. જેની જન્મ નોંધણી રજીસ્ટરમાં તેમના જન્મની નોંધ ગ્રામ પંચાયત મુળદ્વારકા, તાલુકો-કોડીનાર સને.૨૦૦૫ ના જન્મ રજીસ્ટરે લખવાની રહી ગયેલ છે. જે નામ રજીસ્ટરે નોંધ કરવા અત્રેની કોર્ટમાં અરજી કરેલ છે. આ કામના સામાવાળાને જન્મ નોંધ દફતરે ચડાવી આપવા સામે કોઈને વાંધો હરકત સરખુ હોય તો તેમને જાતે અગર તેમના મુખત્યાર અથવા વકીલ મારફત અત્રેની કોર્ટમાં મુદત તા.૨૮/૧૦/૨૦૨૫ના રોજ ૧૫:૦૦ કલાકે વાંધા તકરાર સાથે હાજર રહેવુ અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે.

આજ તા.૧૫/૧૦/૨૦૨૫ ના રોજ મારી સહી તથા સિક્કો કરીને આપ્યા.

**સહી,**
**(એચ.કે.ભાસ્કર)**
**એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ**
**કોડીનાર**

**-// એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટસાહેબ કોડીનારની કોર્ટમાં //-**

નં.જન્મ-મરણ કેસ.નં.૧૭૨/૨૦૨૫

**પ્રતિ,**
શ્રી જીવિબેન જેસીંગભાઈ બાંભણિયા,
રહે.આલીદર,ગામ-આલીદર,
તાલુકો-કોડીનાર, જિલ્લો-ગીર સોમનાથ .....**અરજદાર**
**વિરૂધ્ધ**
રજીસ્ટારશ્રી (જન્મ-મરણ) અને તલાટી-કમ-મંત્રીશ્રી, ગ્રામ પંચાયત કચેરી, આલીદર,
તા.કોડીનાર, જિલ્લો-ગીર સોમનાથ ......**સામાવાળા**

**-:: જાહેર નોટીસ ::-**

આથી લાગતા વળગતાઓને આ નોટીસથી જાણ કરવામાં આવે છે કે, કોડીનાર તાલુકાના આલીદર ગામના રહીશ જેસીંગભાઈ ઉકાભાઈ બાંભણિયા તથા જીવિબેન જેસીંગભાઈ બાંભણિયાના પુત્રી અંજલીબેન જેસીંગભાઈ બાંભણિયાનો જન્મ તારીખ ૧૩/૦૨/૨૦૦૮ ના રોજ કોડીનાર તાલુકાના આલીદર ગામ ખાતે થયેલ છે. જેની જન્મ નોંધણી રજીસ્ટરમાં તેમના જન્મની નોંધ ગ્રામ પંચાયત કચેરી, આલીદર, તાલુકો-કોડીનાર સને.૨૦૦૮ ના જન્મ રજીસ્ટરે લખવાની રહી ગયેલ છે. જે નામ રજીસ્ટરે નોંધ કરવા અત્રેની કોર્ટમાં અરજી કરેલ છે. આ કામના સામાવાળાને જન્મ નોંધ દફતરે ચડાવી આપવા સામે કોઈને વાંધો હરકત સરખુ હોય તો તેમને જાતે અગર તેમના મુખત્યાર અથવા વકીલ મારફત અત્રેની કોર્ટમાં મુદત તા.૨૮/૧૦/૨૦૨૫ના રોજ ૧૫:૦૦ કલાકે વાંધા તકરાર સાથે હાજર રહેવુ અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે.

આજ તા.૦૬/૧૦/૨૦૨૫ ના રોજ મારી સહી તથા સિક્કો કરીને આપ્યા.

**સહી,**
**(એચ.કે.ભાસ્કર)**
**એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ**
**કોડીનાર**

**-// એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટસાહેબ કોડીનારની કોર્ટમાં //-**

નં.જન્મ-મરણ કેસ.નં.૧૮૬/૨૦૨૫

**પ્રતિ,**
શ્રી ધનીબેન રાજાભાઈ સોલંકી,
રહે.કોટડા,ગામ-કોટડા,
તાલુકો-કોડીનાર, જિલ્લો-ગીર સોમનાથ
વકીલશ્રી, બી.એન.વાઘેલા તથા કે.ડી.ભેડા કોડીનાર .....**અરજદાર**
**વિરૂધ્ધ**
રજીસ્ટારશ્રી (જન્મ-મરણ) અને તલાટી-કમ-મંત્રીશ્રી, ગ્રામ પંચાયત કચેરી,
વેલણ માઢવાડ કોટડા, તા.કોડીનાર, જિલ્લો-ગીર સોમનાથ ......**સામાવાળા**

**-:: જાહેર નોટીસ ::-**

આથી લાગતા વળગતાઓને આ નોટીસથી જાણ કરવામાં આવે છે કે, કોડીનાર તાલુકાના કોટડા ગામના રહીશ વર્જાંગ્યુ કરમને તથા કડવીબાઈના પુત્રી રામીબેન વર્જાંગ્યુનો જન્મ તારીખ ૦૪/૦૭/૧૯૬૪ ના રોજ કોડીનાર તાલુકાના કોટડા ગામ ખાતે થયેલ છે. જેની જન્મ નોંધણી રજીસ્ટરમાં તેમના જન્મની નોંધ ગ્રામ પંચાયત કચેરી, વેલણ માઢવાડ કોટડા, તાલુકો-કોડીનાર સને.૧૯૬૪ ના જન્મ રજીસ્ટરે લખવાની રહી ગયેલ છે. જે નામ રજીસ્ટરે નોંધ કરવા અત્રેની કોર્ટમાં અરજી કરેલ છે. આ કામના સામાવાળાને જન્મ નોંધ દફતરે ચડાવી આપવા સામે કોઈને વાંધો હરકત સરખુ હોય તો તેમને જાતે અગર તેમના મુખત્યાર અથવા વકીલ મારફત અત્રેની કોર્ટમાં મુદત તા.૨૮/૧૦/૨૦૨૫ના રોજ ૧૫:૦૦ કલાકે વાંધા તકરાર સાથે હાજર રહેવુ અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે.

આજ તા.૧૫/૧૦/૨૦૨૫ ના રોજ મારી સહી તથા સિક્કો કરીને આપ્યા.

**સહી,**
**(એચ.કે.ભાસ્કર)**
**એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ**
**કોડીનાર**

**-// એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટસાહેબ કોડીનારની કોર્ટમાં //-**

નં.જન્મ-મરણ કેસ.નં.૧૮૪/૨૦૨૫

**પ્રતિ,**
શ્રી વજુભાઈ કેશરભાઈ બારડ,
રહે.દેવળી દેદાની,ગામ-દેવળી દેદાની,
તાલુકો-કોડીનાર, જિલ્લો-ગીર સોમનાથ
વકીલશ્રી, એસ.જે.મેર તથા એમ.એમ.બોરિચા કોડીનાર .....**અરજદાર**
**વિરૂધ્ધ**
રજીસ્ટારશ્રી (જન્મ-મરણ) અને તલાટી-કમ-મંત્રીશ્રી, ગ્રામ પંચાયત દેવળી દેદાની,
તા.કોડીનાર, જિલ્લો-ગીર સોમનાથ ......**સામાવાળા**

**-:: જાહેર નોટીસ ::-**

આથી લાગતા વળગતાઓને આ નોટીસથી જાણ કરવામાં આવે છે કે, કોડીનાર તાલુકાના દેવળી દેદાની ગામના રહીશ કેશરભાઈ દાનાભાઈ બારડ તથા અજાયબેન કેશરભાઈ બારડના પુત્રી ગીતાબેન કેશરભાઈ બારડનો જન્મ તારીખ ૦૧/૦૬/૧૯૭૧ ના રોજ કોડીનાર તાલુકાના દેવળી દેદાની ગામ ખાતે થયેલ છે. જેની જન્મ નોંધણી રજીસ્ટરમાં તેમના જન્મની નોંધ ગ્રામ પંચાયત દેવળી દેદાની, તાલુકો-કોડીનાર સને.૧૯૭૧ ના જન્મ રજીસ્ટરે લખવાની રહી ગયેલ છે. જે નામ રજીસ્ટરે નોંધ કરવા અત્રેની કોર્ટમાં અરજી કરેલ છે. આ કામના સામાવાળાને જન્મ નોંધ દફતરે ચડાવી આપવા સામે કોઈને વાંધો હરકત સરખુ હોય તો તેમને જાતે અગર તેમના મુખત્યાર અથવા વકીલ મારફત અત્રેની કોર્ટમાં મુદત તા.૨૮/૧૦/૨૦૨૫ના રોજ ૧૫:૦૦ કલાકે વાંધા તકરાર સાથે હાજર રહેવુ અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે.

આજ તા.૧૫/૧૦/૨૦૨૫ ના રોજ મારી સહી તથા સિક્કો કરીને આપ્યા.

**સહી,**
**(એચ.કે.ભાસ્કર)**
**એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ**
**કોડીનાર**

**-// એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટસાહેબ કોડીનારની કોર્ટમાં //-**

નં.જન્મ-મરણ કેસ.નં.૧૭૮/૨૦૨૫

**પ્રતિ,**
શ્રી ઉકાભાઈ નારણભાઈ ચાવડા,
રહે.સાંઢણીધાર, ગામ-સાંઢણીધાર,
તાલુકો-કોડીનાર, જિલ્લો-ગીર સોમનાથ
વકીલશ્રી, એન.એમ.જાદવ કોડીનાર .....**અરજદાર**
**વિરૂધ્ધ**
રજીસ્ટારશ્રી (જન્મ-મરણ) અને તલાટી-કમ-મંત્રીશ્રી, ગ્રામ પંચાયત સાંઢણીધાર,
તા.કોડીનાર, જિલ્લો-ગીર સોમનાથ ......**સામાવાળા**

**-:: જાહેર નોટીસ ::-**

આથી લાગતા વળગતાઓને આ નોટીસથી જાણ કરવામાં આવે છે કે, કોડીનાર તાલુકાના સાંઢણીધાર ગામના રહીશ નારણભાઈ હમીરભાઈ ચાવડા તથા માનુબેન નારણભાઈ ચાવડાના પુત્ર માલાભાઈ નારણભાઈ ચાવડાનો જન્મ તારીખ ૦૧/૦૬/૧૯૬૯ ના રોજ કોડીનાર તાલુકાના સાંઢણીધાર ગામ ખાતે થયેલ છે. જેની જન્મ નોંધણી રજીસ્ટરમાં તેમના જન્મની નોંધ ગ્રામ પંચાયત સાંઢણીધાર, તાલુકો-કોડીનાર સને.૧૯૬૯ ના જન્મ રજીસ્ટરે લખવાની રહી ગયેલ છે. જે નામ રજીસ્ટરે નોંધ કરવા અત્રેની કોર્ટમાં અરજી કરેલ છે. આ કામના સામાવાળાને જન્મ નોંધ દફતરે ચડાવી આપવા સામે કોઈને વાંધો હરકત સરખુ હોય તો તેમને જાતે અગર તેમના મુખત્યાર અથવા વકીલ મારફત અત્રેની કોર્ટમાં મુદત તા.૨૮/૧૦/૨૦૨૫ના રોજ ૧૫:૦૦ કલાકે વાંધા તકરાર સાથે હાજર રહેવુ અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે.

આજ તા.૧૫/૧૦/૨૦૨૫ ના રોજ મારી સહી તથા સિક્કો કરીને આપ્યા.

**સહી,**
**(એચ.કે.ભાસ્કર)**
**એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ**
**કોડીનાર**

**-// એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટસાહેબ કોડીનારની કોર્ટમાં //-**

નં.જન્મ-મરણ કેસ.નં.૧૮૨/૨૦૨૫

**પ્રતિ,**
શ્રી અશ્વીનભાઈ ધીરૂભાઈ વાળા,
રહે.પણાંદર, ગામ-પણાંદર,
તાલુકો-કોડીનાર, જિલ્લો-ગીર સોમનાથ
વકીલશ્રી, એન.એમ.જાદવ કોડીનાર .....**અરજદાર**
**વિરૂધ્ધ**
રજીસ્ટારશ્રી (જન્મ-મરણ) અને તલાટી-કમ-મંત્રીશ્રી, ગ્રામ પંચાયત પણાંદર,
તા.કોડીનાર, જિલ્લો-ગીર સોમનાથ ......**સામાવાળા**

**-:: જાહેર નોટીસ ::-**

આથી લાગતા વળગતાઓને આ નોટીસથી જાણ કરવામાં આવે છે કે, કોડીનાર તાલુકાના પણાંદર ગામના રહીશ અશ્વીનભાઈ ધીરૂભાઈ વાળા તથા રૈયાબેન અશ્વીનભાઈ વાળાના પુત્રી મીરા અશ્વીનભાઈ વાળાનો જન્મ તારીખ ૧૪/૦૬/૨૦૧૩ ના રોજ કોડીનાર તાલુકાના પણાંદર ગામ ખાતે થયેલ છે. જેની જન્મ નોંધણી રજીસ્ટરમાં તેમના જન્મની નોંધ ગ્રામ પંચાયત પણાંદર, તાલુકો-કોડીનાર સને.૨૦૧૩ ના જન્મ રજીસ્ટરે લખવાની રહી ગયેલ છે. જે નામ રજીસ્ટરે નોંધ કરવા અત્રેની કોર્ટમાં અરજી કરેલ છે. આ કામના સામાવાળાને જન્મ નોંધ દફતરે ચડાવી આપવા સામે કોઈને વાંધો હરકત સરખુ હોય તો તેમને જાતે અગર તેમના મુખત્યાર અથવા વકીલ મારફત અત્રેની કોર્ટમાં મુદત તા.૨૮/૧૦/૨૦૨૫ના રોજ ૧૫:૦૦ કલાકે વાંધા તકરાર સાથે હાજર રહેવુ અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે.

આજ તા.૧૫/૧૦/૨૦૨૫ ના રોજ મારી સહી તથા સિક્કો કરીને આપ્યા.

**સહી,**
**(એચ.કે.ભાસ્કર)**
**એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ**
**કોડીનાર**

**-// એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટસાહેબ કોડીનારની કોર્ટમાં //-**

નં.જન્મ-મરણ કેસ.નં.૧૭૭/૨૦૨૫

**પ્રતિ,**
શ્રી દેવીબેન લાલજીભાઈ સોલંકી,
રહે.કોટડા, ગામ-કોટડા,
તાલુકો-કોડીનાર, જિલ્લો-ગીર સોમનાથ
વકીલશ્રી, એન.એમ.જાદવ કોડીનાર .....**અરજદાર**
**વિરૂધ્ધ**
રજીસ્ટારશ્રી (જન્મ-મરણ) અને તલાટી-કમ-મંત્રીશ્રી, ગ્રામ પંચાયત કચેરી,વેલણ
માઢવાડ કોટડા, તા.કોડીનાર, જિલ્લો-ગીર સોમનાથ ......**સામાવાળા**

**-:: જાહેર નોટીસ ::-**

આથી લાગતા વળગતાઓને આ નોટીસથી જાણ કરવામાં આવે છે કે, કોડીનાર તાલુકાના કોટડા ગામના રહીશ લાલજીભાઈ રામાભાઈ સોલંકી તથા દેવીબેન લાલજીભાઈ સોલંકીના પુત્ર અલ્પેશ લાલજીભાઈ સોલંકીનો જન્મ તારીખ ૨૧/૧૦/૨૦૦૪ ના રોજ કોડીનાર તાલુકાના વેલણ ગામ ખાતે થયેલ છે. જેની જન્મ નોંધણી રજીસ્ટરમાં તેમના જન્મની નોંધ ગ્રામ પંચાયત કચેરી, વેલણ માઢવાડ કોટડા, તાલુકો-કોડીનાર સને.૯૩૨૪ ના જન્મ રજીસ્ટરે લખવાની રહી ગયેલ છે. જે નામ રજીસ્ટરે નોંધ કરવા અત્રેની કોર્ટમાં અરજી કરેલ છે. આ કામના સામાવાળાને જન્મ નોંધ દફતરે ચડાવી આપવા સામે કોઈને વાંધો હરકત સરખુ હોય તો તેમને જાતે અગર તેમના મુખત્યાર અથવા વકીલ મારફત અત્રેની કોર્ટમાં મુદત તા.૨૮/૧૦/૨૦૨૫ના રોજ ૧૫:૦૦ કલાકે વાંધા તકરાર સાથે હાજર રહેવુ અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે.

આજ તા.૧૫/૧૦/૨૦૨૫ ના રોજ મારી સહી તથા સિક્કો કરીને આપ્યા.

**સહી,**
**(એચ.કે.ભાસ્કર)**
**એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ**
**કોડીનાર**

**-// એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટસાહેબ કોડીનારની કોર્ટમાં //-**

નં.જન્મ-મરણ કેસ.નં.૧૮૩/૨૦૨૫

**પ્રતિ,**
શ્રી દેવીબેન લાલજીભાઈ સોલંકી,
રહે.કોટડા, ગામ-કોટડા,
તાલુકો-કોડીનાર, જિલ્લો-ગીર સોમનાથ
વકીલશ્રી, એન.એમ.જાદવ કોડીનાર .....**અરજદાર**
**વિરૂધ્ધ**
રજીસ્ટારશ્રી (જન્મ-મરણ) અને તલાટી-કમ-મંત્રીશ્રી, ગ્રામ પંચાયત કચેરી,વેલણ
માઢવાડ કોટડા, તા.કોડીનાર, જિલ્લો-ગીર સોમનાથ ......**સામાવાળા**

**-:: જાહેર નોટીસ ::-**

આથી લાગતા વળગતાઓને આ નોટીસથી જાણ કરવામાં આવે છે કે, કોડીનાર તાલુકાના કોટડા ગામના રહીશ લાલજીભાઈ રામાભાઈ સોલંકી તથા દેવીબેન લાલજીભાઈ સોલંકીના પુત્ર જગદીશ લાલજીભાઈ સોલંકીનો જન્મ તારીખ ૧૦/૦૧/૧૯૯૯ ના રોજ કોડીનાર તાલુકાના વેલણ ગામ ખાતે થયેલ છે. જેની જન્મ નોંધણી રજીસ્ટરમાં તેમના જન્મની નોંધ ગ્રામ પંચાયત કચેરી, વેલણ માઢવાડ કોટડા, તાલુકો-કોડીનાર સને.૧૯૯૯ ના જન્મ રજીસ્ટરે લખવાની રહી ગયેલ છે. જે નામ રજીસ્ટરે નોંધ કરવા અત્રેની કોર્ટમાં અરજી કરેલ છે. આ કામના સામાવાળાને જન્મ નોંધ દફતરે ચડાવી આપવા સામે કોઈને વાંધો હરકત સરખુ હોય તો તેમને જાતે અગર તેમના મુખત્યાર અથવા વકીલ મારફત અત્રેની કોર્ટમાં મુદત તા.૨૮/૧૦/૨૦૨૫ના રોજ ૧૫:૦૦ કલાકે વાંધા તકરાર સાથે હાજર રહેવુ અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે.

આજ તા.૧૫/૧૦/૨૦૨૫ ના રોજ મારી સહી તથા સિક્કો કરીને આપ્યા.

**સહી,**
**(એચ.કે.ભાસ્કર)**
**એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ**
**કોડીનાર**

**-//મામલતદાર અને એકઝિકયુટીવ મેજીસ્ટ્રેટ, સાવરકુંડલા//-**

**રૂબરૂ સુનાવણી નોટીસ**

નં.જન્મ/મરણ નોંધણી/અરજી નં.૨૮૫/૨૦૨૫ તા.૧૫/૧૦/૨૦૨૫

અરજદારશ્રી:- ૧. ખુમાણ રવજીભાઈ સનાભાઈ,
રહે. ગારીયાધાર,તા.ગારીયાધાર, જી. ભાવનગર

**- //વિરૂધ્ધ//-**

સામાવાળા:- ૧. તલાટી કમ મંત્રીશ્રી નાળ તા.સાવરકુંડલા

**જન્મ-મરણ નોંધણી અધિનિયમ-૧૯૬૯ ની કલમ-૧૩(૩) હેઠળની અરજી અન્વયે જન્મની નોંધ કરાવવા રૂબરૂ સુનાવણી નોટીસ**

આથી તમો પક્ષકારોને આ નોટીસ આપી સુચીત કરવામાં આવે છે કે, અરજદારશ્રી ખુમાણ રવજીભાઈ સનાભાઈનો જન્મ તા.૨૩/૦૪/૧૯૮૫ ના રોજ મુ.નાળ, તા.સાવરકુંડલા, જી.અમરેલી મુકામે થયેલ. પરંતુ કાયદાની અજ્ઞાનતાના કારણે તેઓના જન્મની નોંધ ગ્રામ પંચાયત રેકર્ડ દફતરે કરવાની રહી ગયેલ હોઈ, જન્મની નોંધ કરાવવા અત્રેની કોર્ટમાં અરજી કરેલ છે. આ અરજી અન્વયે રૂબરૂ સુનાવણી મુદત તા.૨૭/૧૧/૨૦૨૫ ના રોજ ૧૧:૦૦ કલાકે મામલતદાર અને એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ સાવરકુંડલાની કચેરી ખાતે રાખવામાં આવેલ છે.

આ કામે અરજદારશ્રી તેઓની અરજીમાં કરેલ રજુઆતના સમર્થનમાં જે કોઈ આધાર-પુરાવા રજુ કરવાના હોય, અરજીમાં જો કુલ બે સાહેદોના સોગંદનામા રજુ કરેલ ના હોય તો તે સાહેદોના સોગંદનામા સાથે સાહેદો સહિત હાજર રહેવુ.

આ કામે સામાવાળા (જન્મ નોંધણી રજીસ્ટ્રાર) એ તેઓ હસ્તકના રેકર્ડમાં આ સાથે સામેલ રાખેલ અરજીની વિગત મુજબના ઈસમનો જન્મ નોંધાયેલ છે કે કેમ ? તે અંગે જરૂરી પ્રમાણપત્ર તથા અસલ જન્મ-મરણ રજીસ્ટર સાથે હાજર રહેવા જણાવવામાં આવે છે.

વધુમાં આ કામના સામાવાળાને જન્મ નોંધ દફતરે ચડાવી આપવા સામે કોઈને વાંધો હરકત સરખુ હોય તો તેમણે જાતે અગર તેમના મુખત્યાર અથવા વકીલ મારફત અત્રેની કોર્ટમાં ઉકત મુદતે વાંધો તકરાર સાથે હાજર રહેવુ અન્યથા યોગ્ય તે હુકમ કરવામાં આવશે.

**સહી,**
**મામલતદાર અને એકઝીકયુટીવ મેજિસ્ટ્રેટ**
**સાવરકુંડલા**

# એસઆઈઆર સમગ્ર દેશમાં તબક્કાવાર હાથ ધરાશે : આજે મધ્યરાત્રે બીજો તબક્કો શરૂ

(એચ.એસ.એલ), નવીદિલ્હી,તા.૨૭

બિહાર પછી, દેશભરમાં ખાસ સઘન પુનરાવર્તન પ્રક્રિયા શરૂ થશે. મુખ્ય ચૂંટણી કમિશનર જ્ઞાનેશ કુમારે જણાવ્યું હતું કે બિહારમાં ખાસ સઘન પુનરાવર્તન પ્રક્રિયા સફળતાપૂર્વક પૂર્ણ થયા પછી, બીજો તબક્કો ૨૮ ઓક્ટોબરના રોજ મધ્યરાત્રિ ૧૨ વાગ્યે શરૂ થશે. તેમણે જણાવ્યું હતું કે એસઆઈઆરનો બીજો તબક્કો નવ રાજ્યો અને ત્રણ કેન્દ્રશાસિત પ્રદેશોમાં હાથ ધરવામાં આવશે. આ




પ્રક્રિયાનો ઉદ્દેશ્ય લાયક મતદારોને યાદીમાં સમાવવાનો અને મતદાર યાદીમાંથી અયોગ્ય મતદારોને દૂર કરવાનો છે. મુખ્ય ચૂંટણી કમિશનરે જણાવ્યું હતું કે દેશમાં છેલ્લો ખાસ સઘન સુધારો ૨૧ વર્ષ પહેલાં હાથ ધરવામાં આવ્યો હતો, અને હવે તે જરૂરી છે. એસઆઈઆર સમગ્ર દેશમાં તબક્કાવાર હાથ ધરવામાં આવશે. આમાં આંદામાન અને નિકોબાર, છત્તીસગઢ, ગોવા, ગુજરાત, કેરળ, લક્ષદ્વીપ, મધ્યપ્રદેશ, પુડુચેરી, રાજસ્થાન, તમિલનાડુ, ઉત્તર પ્રદેશ અને પશ્ચિમ બંગાળનો સમાવેશ થાય છે. આ રાજ્યોમાં કુલ મતદારોની સંખ્યા આશરે ૫૧૦ મિલિયન છે, અને ૫૩૩,૦૦૦ થી વધુ મતદાન મથકો અને બીએલઓ તૈનાત કરવામાં આવશે. ચૂંટણી કમિશનરે જણાવ્યું હતું કે બીએલઓ દરેક ઘરની ત્રણ વખત મુલાકાત લેશે. આ સમય દરમિયાન, તેઓ મતદારોને મળશે અને યાદીમાં તેમના નામોની ચકાસણી કરશે, અને તેમને મતદાર યાદી ઉમેરવાના ફોર્મ પૂરા પાડશે. જે લોકો તેમના ઘરની બહાર રહે છે અથવા દિવસ દરમિયાન ઓફિસમાં હાજરી આપે છે.

# વર્ષ-૨૦૨૬ માં ભારતીય અર્થતંત્ર માટે મજબૂત વૃધ્ધિનો અંદાજ : નાણા મંત્રાલય

નવીદિલ્હી,તા.૨૭

નાણા મંત્રાલય દ્વારા જાહેર કરાયેલ માસિક આર્થિક સમીક્ષા અહેવાલ મુજબ, નાણાકીય વર્ષ ૨૦૨૫-૨૬ (નાણાકીય વર્ષ ૨૬) માટે ભારતીય અર્થતંત્ર માટે વૃદ્ધિનો અંદાજ અત્યંત મજબૂત રહે છે. આ મજબૂત ગતિ મુખ્યત્વે મજબૂત સ્થાનિક માંગ, નિયંત્રિત ફુગાવો અને માળખાકીય સુધારાઓની સકારાત્મક અસર દ્વારા પ્રેરિત છે, જે વૈશ્વિક અનિશ્ચિતતાઓ વચ્ચે દેશના અર્થતંત્રને ટકાઉ બનાવી રહ્યા છે. અહેવાલમાં પ્રકાશિત કરવામાં આવ્યું છે કે વૈશ્વિક આર્થિક અને વેપાર નીતિની અનિશ્ચિતતા હોવા છતાં, ભારતીય અર્થતંત્રે નાણાકીય વર્ષ ૨૬ ના બીજા ક્વાર્ટરમાં નોંધપાત્ર ગતિ મેળવી છે.

સમાચાર અનુસાર, આ સિદ્ધિ એટલા માટે પણ મહત્વપૂર્ણ છે કારણ કે તે એવા સમયે આવી છે જ્યારે અમેરિકાએ ઓગસ્ટમાં ભારત પર વધારાના ટેરિફ લાદ્યા



હતા. ઉચ્ચ-આવર્તન સૂચકાંકોએ પુરવઠા તરફ સતત હકારાત્મક વલણો દર્શાવ્યા છે, જ્યારે તહેવારોની મોસમ અને જીએસટી સુધારા દરમિયાન સકારાત્મક લાગણીઓને કારણે માંગની સ્થિતિમાં સતત સુધારો થઈ રહ્યો છે.

ભારતના મજબૂત મૂળભૂત સિદ્ધાંતો અને કામગીરીને ધ્યાનમાં રાખીને, આંતરરાષ્ટ્રીય સંસ્થાઓ અને આરબીઆઈએ પણ તેમના વિકાસ દરના અંદાજો વધાર્યા છે. આંતરરાષ્ટ્રીય નાણાકીય ભંડોળે તેનો અંદાજ ૬.૪% થી વધારીને ૬.૬% કર્યો છે, જ્યારે ભારતીય રિઝર્વ બેંકે તેનો અંદાજ ૬.૫% થી વધારીને ૬.૮% કર્યો છે.

# માનહાનિના કેસ માટે કંગના રનૌત ભટિંડા કોર્ટમાં હાજર : માફી માંગી

(એચ.એસ.એલ),નવીદિલ્હી,તા.૨૭

બોલીવુડ અભિનેત્રી અને હિમાચલ પ્રદેશના મંડીથી ભાજપ સાંસદ કંગના રનૌત માનહાનિના કેસમાં હાજર થવા માટે ભટિંડા જિલ્લા કોર્ટમાં હાજર થઈ. કોર્ટ પરિસરમાં સુરક્ષા કડક કરવામાં આવી હતી. કંગનાનો કાફલો દિલ્હીથી રોડ માર્ગે ભટિંડા પહોંચ્યો. કંગના રનૌત બપોરે ૨:૩૦ વાગ્યાની આસપાસ કોર્ટમાં હાજર થઈ. ભટિંડાની એક મહિલાએ કંગના રનૌત સામે માનહાનિનો કેસ દાખલ કર્યો. આજે કંગનાને આ કેસમાં કોર્ટમાં હાજર થવાનો આદેશ આપવામાં આવ્યો હતો. આ કેસ ૨૦૨૦-૨૧ ના ખેડૂતોના વિરોધ સાથે જોડાયેલો છે. હકીકતમાં, કંગના રનૌતે એક ટ્વીટ રીટ્વીટ કર્યું હતું જેમાં તેણે ભટિંડા જિલ્લાના એક ગામની મહિલા મહિન્દર કૌર પર ટિપ્પણી કરી હતી. ટ્વીટમાં કંગનાએ મહિન્દર કૌરની તુલના શાહીન બાગ વિરોધ પ્રદર્શનની વૃદ્ધ મહિલા બિલ્કીસ બાનો સાથે કરી હતી.

# નરેન્દ્ર મોદીની યજમાનીમાં આગામી વર્ષની શરૂઆતમાં ક્વાડ મિટિંગ યોજાય તેવી શક્યતા

નવીદિલ્હી,તા.૨૭

ઓસ્ટ્રેલિયન વડાપ્રધાન એન્થોની અલ્બેનીઝએ આશા વ્યક્ત કરી છે કે આગામી ક્વાડ મિટિંગ આવતા વર્ષના પ્રથમ ક્વાર્ટરમાં યોજાઈ શકે છે. તેમણે આ જૂથ, ચાર દેશો - ભારત, યુએસ, જાપાન અને ઓસ્ટ્રેલિયાના જોડાણ - ને એક મહત્વપૂર્ણ પ્લેટફોર્મ તરીકે વર્ણવ્યું. નોંધનીય છે કે ક્વાડ સમિટ આ વર્ષે ભારતમાં યોજાવાની હતી. જોકે, યુએસ પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પના વલણ અને જાપાનમાં ચાલી રહેલા રાજકીય ઉથલપાથલને કારણે, આ બેઠક હવે અશક્ય છે. આસિયાન સમિટ દરમિયાન એક પ્રેસ કોન્ફરન્સમાં અલ્બેનીઝે કહ્યું, ‘‘ક્વાડ એક મહત્વપૂર્ણ મંચ છે જે ઓસ્ટ્રેલિયા, યુનાઈટેડ સ્ટેટ્સ, જાપાન અને ભારતને જોડે છે. મને આશા



છે કે તે આવતા વર્ષના પ્રથમ ક્વાર્ટરમાં મળશે.'' તેમણે ઉમેર્યું કે વડાપ્રધાન નરેન્દ્ર મોદી આ બેઠકનું આયોજન કરશે. ક્વાડ સમિટમાં વિલંબ વિશે પૂછવામાં આવતા, અલ્બેનીઝે કહ્યું કે તે એક વ્યસ્ત સમિટ સિઝન હતી અને યુએસ પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પનું ખૂબ જ વ્યસ્ત શેડ્યૂલ હતું. યુએસ પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ હાલમાં એશિયાના ત્રણ દેશોના પ્રવાસ પર છે. મલેશિયામાં આસિયાન સમિટમાં હાજરી આપ્યા પછી, તેઓ જાપાન જવા રવાના થયા અને દક્ષિણ કોરિયા જશે.

# ૨૦૨૦ ના દિલ્હી રમખાણના આરોપીઓના જામીન પર તા. ૩૧ ઓક્ટોબર સુધી સુનાવણી મુલતવી

(એચ.એસ.એલ),નવીદિલ્હી,તા.૨૭

૨૦૨૦ ના દિલ્હી રમખાણોના કાવતરા કેસમાં કથિત રીતે સંડોવાયેલા કાર્યકરો ઉમર ખાલિદ, શરજીલ ઈમામ, ગુલ્ફીશા ફાતિમા અને મીરાન હૈદરની જામીન અરજીઓ પર સુપ્રીમ કોર્ટે ૩૧ ઓક્ટોબર સુધી સુનાવણી મુલતવી રાખી છે. જસ્ટિસ અરવિંદ કુમાર અને એનવી અંજારિયાની બેન્ચ સમક્ષ એડિશનલ સોલિસિટર જનરલ (એએસજી) એસવી રાજુએ જવાબ દાખલ કરવા માટે વધુ સમય માંગ્યો હતો. ત્યારબાદ કોર્ટે સુનાવણી મુલતવી રાખી હતી. એસવી રાજુએ સુપ્રીમ કોર્ટ પાસેથી બે અઠવાડિયાનો સમય માંગ્યો હતો. જોકે, બેન્ચે કહ્યું કે તે શુક્રવારે આ મામલાની સુનાવણી કરશે. બેન્ચે ટિપ્પણી કરી, ‘‘સ્પષ્ટ શબ્દોમાં કહીએ તો, જામીનના મામલામાં જવાબ દાખલ કરવાની કોઈ જરૂર નથી.'' અરજદારોએ દિલ્હી હાઈકોર્ટના ૨ સપ્ટેમ્બરના આદેશને પડકાર્યો છે જેમાં તેમની જામીન અરજીઓ ફગાવી દેવામાં આવી હતી.

# યોગીએ મુસ્તફાબાદનું નામ બદલીને કબીરધામ રાખ્યું, અમેઠીમાં આઠ રેલવે સ્ટેશનના નામ પણ બદલાયા

(એચ.એસ.એલ),લખનૌ,તા.૨૭

સીએમ યોગી આદિત્યનાથે લખીમપુર ખીરીમાં મંચ પરથી કહ્યું, ‘‘યાદ રાખો, આજે ઉત્તર પ્રદેશમાં આપણી પાસે ડબલ-એન્જિન સરકાર છે. અમે મુખ્ય ધાર્મિક સ્થળોનો પુનઃસ્થાપન કરી રહ્યા છીએ, નહીં તો, પહેલાં, પૈસા કબ્રસ્તાનોની સીમાઓ પર ખર્ચવામાં આવતા હતા. અમે અલ્હાબાદનું



પ્રયાગરાજ, ફૈઝાબાદનું નામ અયોધ્યા કરી નાખ્યું, અને હવે મુસ્તફાબાદનું નામ પણ કબીરધામ રાખવામાં આવશે.'' અગાઉ, મુઘલસરાય રેલવે સ્ટેશનનું નામ પંડિત દીનદયાળ ઉપાધ્યાય જંકશન રાખવામાં આવ્યું હતું. ઝાંસી રેલવે સ્ટેશનનું નામ વીરંગના લક્ષ્મીબાઈ રેલવે સ્ટેશન રાખવામાં આવ્યું હતું. મુઘલસરાય તહસીલનું નામ પણ પંડિત દીનદયાળ ઉપાધ્યાય રાખવામાં આવ્યું હતું. અમેઠીમાં આઠ રેલવે સ્ટેશનનું નામ પણ બદલી નાખવામાં આવ્યા છે. ફુરસતગંજ સ્ટેશનનું નામ તપેશ્વરનાથ ધામ રાખવામાં આવ્યું છે. કાસિમપુર હોલ્ટનું નામ જયસ સિટી રાખવામાં આવ્યું છે. જયસ સ્ટેશનનું નામ ગુરુ ગોરખનાથ ધામ રાખવામાં આવ્યું છે. બાની રેલવે સ્ટેશનનું નામ સ્વામી પરમહંસના નામ પરથી રાખવામાં આવ્યું છે. મિસરૌલીનું નામ મા કાલિકન ધામ રાખવામાં આવ્યું છે.

# કોર્ટે લાલુ યાદવ અને તેમના પરિવારને ભ્રષ્ટાચાર સહિતના ગંભીર ગુનાઓ માટે જવાબદાર જાહેર કર્યા

(એચ.એસ.એલ),નવીદિલ્હી,તા.૨૭

વિવાદાસ્પદ આઈઆરસીટીસી કૌભાંડ કેસમાં ટ્રાયલ સોમવાર, રાઉઝ એવન્યુ કોર્ટમાં શરૂ થઈ છે. આ ભ્રષ્ટાચાર કેસમાં ભૂતપૂર્વ રેલવે મંત્રી લાલુ પ્રસાદ યાદવ, બિહારના ભૂતપૂર્વ મુખ્યમંત્રી રાબડી દેવી અને રાષ્ટ્રીય જનતા દળના નેતા તેજસ્વી યાદવ મુખ્ય આરોપી છે. કોર્ટે નિર્ણય લીધો છે કે આ કેસમાં દૈનિક સુનાવણી કરવામાં આવશે. અગાઉની સુનાવણીમાં, કોર્ટે તમામ આરોપીઓ સામે આરોપો ઘડ્યા હતા. આરોપો ઘડતી વખતે, કોર્ટે લાલુ યાદવ અને તેમના પરિવારને ભ્રષ્ટાચાર, ગુનાહિત કાવતરું અને છેતરપિંડી જેવા ગંભીર ગુનાઓ હેઠળ કાર્યવાહી માટે જવાબદાર જાહેર કર્યા હતા.



સીબીઆઈની ચાર્જશીટ અનુસાર, લાલુ પ્રસાદ યાદવ પર કોચર ભાઈઓ (વિજય કોચર અને વિનય કોચર), મેસર્સ સુજાતા હોટેલ્સ પ્રાઈવેટ લિમિટેડ (હોટેલ ચાણક્ય, પટનાના માલિક) ના ડિરેક્ટરો સાથે ગુનાહિત કાવતરું ઘડવાનો આરોપ છે, જ્યારે તેઓ રેલવે મંત્રી (૨૦૦૪-૦૯) હતા.

આ આરોપ છે કે આ કાવતરા હેઠળ, રાંચી અને પુરીમાં બે રેલવે બીએનઆર હોટલને સબલેંટ કરવાના કોન્ટ્રાક્ટ આપવામાં સુજાતા હોટેલ્સ પ્રાઈવેટ લિમિટેડને અનુચિત તરફેણ આપવામાં આવી હતી.

# ભારતથી ભાગી ગયેલા કટ્ટરપંથી ઝાકિર નાઈકનું સ્વાગત કરવા માટે બાંગ્લાદેશ ઉત્સુક

નવીદિલ્હી, તા.૨૭

બાંગ્લાદેશ ભારતથી ભાગી ગયેલા કટ્ટરપંથી ઝાકિર નાઈકનું સ્વાગત કરવાની તૈયારી કરી રહ્યું છે. અહેવાલો અનુસાર, ઝાકિર નાઈક આવતા મહિને બાંગ્લાદેશની મુલાકાત લેવાના છે. આ એ જ ઝાકિર નાઈક છે જેના પર એક સમયે બાંગ્લાદેશની રાજધાની ઢાકામાં થયેલા આતંકવાદી હુમલામાં



સંડોવણીનો આરોપ હતો. એવું કહેવામાં આવી રહ્યું છે કે બાંગ્લાદેશની વચગાળાની સરકાર નાઈકનું સ્વાગત કરવા માટે ઉત્સુક છે. નાઈક ભારત દ્વારા વોન્ટેડ છે અને ભાગી ગયા પછી હાલમાં મલેશિયામાં રહે છે. બાંગ્લાદેશની વચગાળાની સરકારના વડા યુનુસનું આ પગલું ભારત વિરુદ્ધ છે કારણ કે ભારત ઝાકિર નાઈકને ગુનેગાર માને છે. ઝાકિર નાઈક અંગેના સમગ્ર કાર્યક્રમના આયોજક કહે છે કે આ મુલાકાત માટે સરકાર પાસે માત્ર પરવાનગી જ નથી.

# હરિયાણાની ભાજપ સરકાર ત્રણ લાખ બિહારીઓને મતદાન કરવા મોકલશે

(એચ.એસ.એલ),ચંડીગઢ,તા.૨૭

બિહાર વિધાનસભા ચૂંટણી જીતવા માટે, ભારતીય જનતા પાર્ટી મતદારોને આકર્ષવા માટે તમામ શક્ય રીતો અપનાવી રહી છે. હવે, હરિયાણા ભાજપ પણ આ પ્રયાસમાં સક્રિય થઈ ગઈ છે. હરિયાણાના ૧૪ જિલ્લાઓમાં ૩૦૦,૦૦૦ થી વધુ સ્થળાંતરિત બિહારી મતદારો રહે છે. હરિયાણા ભાજપ ચૂંટણીમાં મતદાન કરવા માટે તે બધાને બિહાર મોકલવાની તૈયારી કરી રહી છે. આ માટે નેતાઓએ આ સ્થળાંતરિત બિહારીઓનો સંપર્ક કરવાનું શરૂ કરી દીધું છે.

હરિયાણા ભાજપ અનુસાર, સ્થળાંતરિત બિહારીઓ રાજ્યના ૧૪ જિલ્લાઓમાં રહે છે. ભાજપના નેતાઓ રાજ્યના મોટાભાગના જિલ્લાઓમાં ફેક્ટરીઓમાં કામ કરતા બિહારી કામદારોને બિહાર ચૂંટણીમાં ભાગ લેવા મોકલવાનું કામ કરી રહ્યા છે, જે NCR ક્ષેત્રમાં આવે છે.

# મુહમ્મદ યુનુસે ભારતના ઉત્તરપૂર્વીય રાજ્યો બાંગ્લાદેશના ભાગ તરીકે નકશામાં દર્શાવ્યા

(એચ.એસ.એલ),નવીદિલ્હી,તા.૨૭

બાંગ્લાદેશની વચગાળાની સરકારના વડા મુહમ્મદ યુનુસ હંમેશા તેમના ભારત વિરોધી કાર્યો માટે સમાચારમાં રહ્યા છે. હવે, યુનુસે એક શરમજનક કૃત્ય કર્યું છે. તાજેતરમાં, વરિષ્ઠ પાકિસ્તાની લશ્કરી અધિકારી જનરલ સાહિર શમશાદ મિર્ઝાએ બાંગ્લાદેશની મુલાકાત લીધી હતી. આ મુલાકાત દરમિયાન,



મુહમ્મદ યુનુસે મિર્ઝાને ‘આર્ટ ઓફ ટ્રાયમ્ફ’ નામનું પુસ્તક ભેટમાં આપ્યું હતું, જેના કવર પર વિવાદ થયો છે. પુસ્તકના કવર પરનો નકશો ભારતના ઉત્તરપૂર્વીય રાજ્યો, આસામથી અરુણાચલ પ્રદેશ સુધી, બાંગ્લાદેશના ભાગ તરીકે દર્શાવે છે.

યુનુસે મિર્ઝાને રજૂ કરેલા પુસ્તકમાં દર્શાવવામાં આવેલ નકશો ‘ગ્રેટર બાંગ્લાદેશ’ ની વિભાવનાને પ્રોત્સાહન આપતા ઈસ્લામિક આતંકવાદી જૂથોની માંગણીઓ સાથે મેળ ખાય છે.

# રખડતા શ્વાન મામલે રાજ્યોના મુખ્ય સચિવને જવાબ આપવા સુપ્રીમનો આદેશ

ન્યુ દિલ્હી,તા.૨૭

દેશભરમાં રખડતાં શ્વાન મામલે રાજ્ય અને કેન્દ્રશાસિત પ્રદેશોની સરકાર દ્વારા સોગંદનામું દાખલ ન કરવા બદલ સુપ્રીમ કોર્ટે નારાજગી વ્યક્ત કરી છે. સુપ્રીમ કોર્ટે કહ્યું કે, આદેશ આપ્યા બાદ પણ શ્વાન કરડી જવાની અનેક ઘટનાઓ બની રહી છે, વિદેશમાં પણ દેશની છબિ ખરાબ થઈ રહી છે. તેમ છતાં રાજ્યોએ અનુપાલનનું સોગંદનામું રજૂ



કર્યું નથી. કોર્ટે રાજ્યોના મુખ્ય સચિવને આ અંગે જાણ કરી ત્રણ નવેમ્બર સુધી જવાબ આપવા કહ્યું છે. સુપ્રીમ કોર્ટે ઑગસ્ટમાં દેશભરના રખડતાં શ્વાનને પકડી, તેમનું ખસીકરણ કરી છોડી મૂકવાનો આદેશ આપ્યો હતો. તેના અનુપાલન માટે રાજ્ય અને કેન્દ્રશાસિત સરકારને સોગંદનામું રજૂ કરવા કહ્યું હતું. સુપ્રીમ કોર્ટે કહ્યું કે, ૨૨ ઑગસ્ટના આદેશ અનુસાર માત્ર ૩ અનુપાલનના સોગંદનામા દાખલ કર્યા છે. જેમાં પશ્ચિમ બંગાળ, તેલંગાણા અને દિલ્હી સામેલ છે. જો કે, અન્યોએ અમારા આદેશનું પાલન કર્યું નથી. તેમણે હાજર થવું પડશે. કારણકે, ત્રણ મહિના થયા હોવા છતાં અનુપાલનના સોગંદનામા દાખલ કર્યા નથી. તેમણે આવીને સ્પષ્ટતા આપવી પડશે. તેમણે સોંગદનામું રજૂ કરવું પડશે.


# પાકિસ્તાનની ટીમ મહિલા વર્લ્ડકપમાંથી બહાર થઈ જતા મુખ્ય કોચને બરતરફ કરવામાં આવશે

(એચ.એસ.એલ),કરાંચી,તા.૨૭

આઈસીસી મહિલા વનડે વર્લ્ડ કપ ૨૦૨૫ ના લીગ તબક્કાની મેચ સમાપ્ત થઇ છે, ત્યારબાદ ૨૯ અને ૩૦ ઓક્ટોબરે અંતિમ મેચ થશે, અને ૨ નવેમ્બરે અંતિમ મેચ રમાશે. લીગ તબક્કામાં ભાગ લેનારી આઠ ટીમોમાંથી, પાકિસ્તાન મહિલા ટીમ પોઈન્ટ ટેબલમાં જીત મેળવવામાં નિષ્ફળ રહી. પાકિસ્તાની ટીમે લીગ સ્ટેજ દરમિયાન સાત મેચ રમી હતી, જેમાં ચાર મેચ હારી હતી, જ્યારે ત્રણ વરસાદને કારણે રદ થઈ હતી. મહિલા ટીમના ખરાબ પ્રદર્શન બાદ પાકિસ્તાન ક્રિકેટ બોર્ડે હવે એક મહત્વપૂર્ણ નિર્ણય લીધો છે. પાકિસ્તાન ક્રિકેટ, પછી ભલે તે પુરુષ હોય કે મહિલા, ઘણીવાર મુખ્ય કોચમાં ફેરફાર જોવા મળે છે, અને હવે મહિલા વનડે વર્લ્ડ કપમાં ટીમના નિરાશાજનક પ્રદર્શન બાદ આવી જ પરિસ્થિતિ ઊભી થશે.પીસીબીએ પાકિસ્તાન મહિલા ટીમના મુખ્ય કોચ મોહમ્મદ વસીમનો કરાર ન વધારવાનો નિર્ણય લીધો છે. અહેવાલ મુજબ,પીસીબીના એક વિશ્વસનીય સૂત્રએ જણાવ્યું હતું કે બોર્ડના અધ્યક્ષ મોહસીન નકવી નિરાશ છે કે વસીમે વચન મુજબ પ્રદર્શન કર્યું નથી.પીસીબીએ ગયા વર્ષે વસીમને મહિલા ટીમના મુખ્ય કોચ તરીકે નિયુક્ત કર્યા હતા. તેમના કાર્યકાળ દરમિયાન, પાકિસ્તાન એશિયા કપ સેમિફાઈનલમાં શ્રીલંકા સામે હારી ગયું હતું અને ત્યારબાદ દક્ષિણ આફ્રિકામાં મહિલા ટી ૨૦ વર્લ્ડ કપમાં ચારમાંથી માત્ર એક મેચ જીતી શક્યું હતું. સૂત્રએ જણાવ્યું હતું કે પીસીબી ચેરમેન નારાજ થયા છે.

**બંગાળની ખાડીમાં ઉદ્ભવેલા તોફાનની અસર ગુજરાતમાં વર્તાઈ**

# રાજુલામાં ૭ ઈંચ વરસાદ ખાબકતા જળબંબાકાર







અમરેલી,તા.૨૭

હવામાન વિભાગની આગાહી મુજબ રાજ્યભરમાં કમોસમી વરસાદની સ્થિતિ છે, જેમાં ખાસ કરીને સૌરાષ્ટ્રના મોટાભાગના જિલ્લાઓમાં જળબંબાકાર સર્જાયો છે. અમરેલી જિલ્લામાં છેલ્લા ૨૪ કલાકમાં ૯ ઈંચ જેટલો ભારે વરસાદ પડતાં નદી-નાળા છલકાયા છે, ખેતરો પાણીમાં ગરકાવ થયા છે અને અનેક રસ્તાઓ બંધ થઈ ગયા છે. વરસાદની ગંભીર પરિસ્થિતિ વચ્ચે રાજુલાના ધાતરવડી ડેમ-૨ના એક સાથે ૧૯ દરવાજા ખોલવામાં આવ્યા છે. જેને પગલે ખાખબાઈ, હિંડોરણા, વડ, રામપરા, કોવાયા, ઉચૈયા, ભેરાઈ અને ભચાદ સહિતના નિચાણવાળા અનેક ગામડાઓને તંત્ર દ્વારા એલર્ટ કરવામાં આવ્યા છે. ભારે વરસાદના કારણે ભાવનગર-સોમનાથ નેશનલ હાઈવે સહિતના અનેક રસ્તાઓ બંધ થઈ ગયા છે. ખેતરોમાં પાણી ભરાઈ જતાં ખેડૂતોને પાકમાં મોટું નુકસાન થયું છે. આ ઉપરાંત, રાજુલાના ચોત્રા ગામની નદીમાં ઘોડાપૂર આવતા, એક પ્રસૂતા મહિલાને ૧૦૮ એમ્બ્યુલન્સ ન પહોંચી શકતા, અંતે જેસીબીની મદદથી ડિલિવરી માટે લઈ જવાની ફરજ પડી હતી. સમગ્ર પંથકમાં જનજીવન અસ્તવ્યસ્ત થયું છે.

| તાલુકો | મીમી |
|---|---|
| લાઠી | ૧૬ |
| લીલીયા | ૧૧૪ |
| અમરેલી | ૩૨ |
| બગસરા | ૧૬ |
| ધારી | ૨૪ |
| સાવરકુંડલા | ૯૨ |
| ખાંભા | ૮૯ |
| જાફરાબાદ | ૪૫ |
| રાજુલા | ૧૭૧ |

**જિલ્લાના તમામ તાલુકાઓમાં સચરાચર વરસાદ, ખેડૂતોને વરસાદથી ભારે નુકસાની**

### નાગેશ્રીમાં રાયડી નદીનું પાણી ગામમાં ઘૂસી ગયું

જાફરાબાદના નાગેશ્રીમાં રાયડી નદીનું પાણી ગામમાં ઘૂસી જતા જુના પ્લોટ વિસ્તાર વછલી પાર્ટી રામજી મંદિર વિસ્તારના ઘરોમાં પાણી ઘુસ્યા હતા. લોકો સંપર્કવિહોણા થતાં સરપંચ તેમજ ગામોના આગેવાનો સ્થળ પર પહોંચ્યા હતા. જાફરાબાદ તાલુકાના કડીયાળી ગામે ધોધમાર કમોસમી વરસાદ વરસતા ખેતરના પાકમાં ભારે નુકસાની થઈ છે. જેમકે મગફળી, કપાસ, સોયાબીન, જુવાર, બાજરી, અડદ, તલ, મગ જેવા પાકોનું સંપૂર્ણ ધોવાણ થઈ ગયેલ છે. હાલમાં ખેતરોમાં અંદાજીત ૨ થી ૩ ફુટ પાણી ભરેલા છે, ખેતરોમાં આવેલ પાક તણાઈ ગયેલા છે. ખેડૂતોનો અત્યાર સુધીનો તમામ પાક નાશ પામ્યો છે.

### રાજુલા પંથકમાં ભારે વરસાદને કારણે ૧૦૦ લોકોનું રેસ્ક્યુ

રાજુલા તાલુકા સહિતના વિસ્તારમાં ભારે વરસાદના પગલે જિલ્લા વહીવટી તંત્ર એલર્ટ મોડ પર કામગીરી કરી રહ્યું છે, ભારે વરસાદના પગલે રાજુલા તાલુકાના પાંચ જેટલા ગામો અસરગ્રસ્ત બન્યા છે. વહીવટી તંત્ર દ્વારા સલામતીના ભાગરૂપે રાજુલાના ઉચૈયા ગામેથી ૫૦, ભચાદરમાંથી ૫૦ અને ધારાનાનેસ ગામેથી ૭૦ લોકોનું રેસ્ક્યુ કરવામાં આવ્યું છે. ઉચૈયા ગામના કુલ ૧૦૦ લોકોનું સ્થળાંતર કરીને પ્રાથમિક શાળામાં આશ્રય આપવામાં આવ્યો છે. અહીં તંત્ર દ્વારા સરપંચ સાથે સંકલન કરીને જરૂરી વ્યવસ્થાઓ સુનિશ્ચિત કરવામાં આવી છે. ધારાનાનેસ ગામે પણ ૫૦ લોકોનું એક સ્કૂલમાં સ્થળાંતર કરવામાં આવ્યું છે, ભચાદર ગામના કુલ ૧૦૦ લોકોને તેમના સગા સંબંધીઓને ત્યાં સ્થળાંતરિત કરવામાં આવ્યા છે. અસરગ્રસ્ત લોકો માટે સ્થાનિક સ્તરે સંકલન સાધીને ફૂડ પેકેટની વ્યવસ્થા કરવામાં આવી છે.

### ધારીના ગ્રામ્ય પંથકમાં વરસાદ

ધારી તાલુકામાં પણ સચરાચર વરસાદ પડી રહ્યો છે. વરસાદને કારણે ખેડૂતો કફોડી સ્થિતિમાં મુકાયા છે. ધારીના સરસીયા, દુધાળા, જર, ગઢીયા, હીરાવા સહિતના ગામોમાં પણ ભારે વરસાદ પડતા ખેતરોમાં પાણી ભરાયા હતા.

**કોઈ અનિચ્છનીય બનાવ ન બને તે માટે પોલીસનો ચુસ્ત બંદોબસ્ત**

# બાબરાના વાંડળીયા ગામે બે જૂથ વચ્ચે સશસ્ત્ર ધિંગાણુ : પાંચ લોકો ઈજાગ્રસ્ત



બાબરા,તા.૨૭

બાબરા તાલુકાના વાંડળીયા ગામે સોમવારની સાંજે પટેલ અને ક્ષત્રિય સમાજના બે જૂથો વચ્ચે સશસ્ત્ર ધિંગાણું થયું હતું. થોડા દિવસો પહેલા ગામના માતાજીના માંડવામાં બાઈક ચલાવવા બાબતે થયેલી રકઝકનું પરિણામ આ મારામારીમાં પરિણમ્યુ હતું. જે તે સમયે ગ્રામજનોની સમજાવટથી મામલો શાંત થયો હતો પરંતુ અચાનક જ સોમવારની સાંજે શિયાણી પરિવાર તલવાર, લાકડી, ધોકા વડે હુમલો કરાયો હતો, જેમાં પટેલ પરિવારના હિતેશભાઈ, ભરતભાઈ, પીયુષભાઈ, વિશાલભાઈ અને ભાવિનભાઈ શિયાણી ઈજાગ્રસ્ત થયા હતા. તમામ ઈજાગ્રસ્તોને બાબરાથી વધુ સારવાર માટે રાજકોટ ખસેડાયા છે. ભરતભાઈ અને હિતેશભાઈને માથા અને પગે ગંભીર ઈજાઓ થઈ હોવાનું જાણવા મળ્યુ છે. સામા પક્ષે ક્ષત્રિય સમાજના પ્રતાપભાઈ ચાપરાજભાઈ વાળા સહિત તેમના પરિવારના લોકો આ હુમલામાં સામેલ હોવાનું પોલીસ સૂત્રો દ્વારા જાણવા મળે છે. કોઈ અનિચ્છનીય બનાવ ન બને તે માટે વાંડળીયા ગામે પોલીસ કાફલો દોડી ગયો છે અને કડક બંદોબસ્ત ગોઠવી દેવાયો છે. બાબરા પોલીસ ઈજાગ્રસ્તોની ફરિયાદ લેવા રાજકોટ પહોંચી છે.

# વાવાઝોડાની આગાહીને લઈ કોસ્ટગાર્ડ દ્વારા ગુજરાતના દરિયાકાંઠે રેડ એલર્ટ જાહેર કરાયું



અમદાવાદ,તા.૨૭

ભારતીય હવામાન વિભાગે બંગાળની ખાડીમાં એક નવા ચક્રવાતી તોફાન 'મોન્થા' ને લઈને મોટી ચેતવણી જાહેર કરી છે. દક્ષિણ પૂર્વ બંગાળની ખાડીમાં સર્જાયેલો લો પ્રેશર ઝોન ચક્રવાત મોથામાં પરિવર્તિત થશે, જેની અસર ત્રણ દિવસ સુધી દરિયાકાંઠાના રાજ્યો પર જોવા મળશે. આ સિસ્ટમ પશ્ચિમ-ઉત્તરપશ્ચિમ તરફ આગળ વધશે અને ૨૮ ઓક્ટોબરની સવાર સુધીમાં ચક્રવાતી તોફાનનું રૂપ ધારણ કરશે. ત્યારે ગુજરાતનો દરિયો પણ તોફાની બનવાના એંધાણ છે. અરબી સમુદ્રમાં સર્જાયેલા સંભવિત ચક્રવાતી સંકટને પગલે ભારતીય કોસ્ટગાર્ડે ગુજરાતના દરિયાકાંઠે "રેડ એલર્ટ" જાહેર કર્યું છે. ભારતીય હવામાન વિભાગની ચેતવણીને ધ્યાનમાં રાખીને, કોસ્ટગાર્ડે તમામ માછીમારો અને જહાજોને તાત્કાલિક ધોરણે નજીકના પોર્ટ પર પરત ફરવાનો આદેશ આપ્યો છે.




**વીરભૂમિ એક્સપ્રેસ ટ્રેનની તપાસ દરમિયાન જીઆરપીને સફળતા મળી**

# હિંમતનગરમાં રેલવેમાં હેરફેર કરાતો રૂ. ૭૯.૨૧ લાખનો ડ્રગ્સનો જથ્થો ઝડપાયો

**અજાણ્યા શખ્સે થેલો બિનવારસી હાલતમાં છોડ્યો હોવાનું અનુમાન**

હિંમતનગર,તા.૨૭

હિંમતનગર જીઆરપીએ રેલવેમાં હેરફેર કરાતો ડ્રગ્સનો જથ્થો ઝડપ્યો હતો. હિંમતનગર રેલવે પ્લેટફોર્મ પરથી ચેકિંગ દરમિયાન રું ૭૯.૨૧ લાખની કિંમતનો ડ્રગ્સનો જથ્થો ઝડપાયો છે. અજાણ્યો શખ્સ પોલીસની ચહલપહલ જોઈ પ્લેટફોર્મ પર ડ્રગ્સ ભરેલો થેલો મૂકી ફરાર થઈ ગયો હતો. વીરભૂમિ એક્સપ્રેસ ટ્રેનમાં ડ્રગ્સના જથ્થાની હેરફેર કરવામાં આવી રહી હોવાનું મનાય છે. વીરભૂમિ એક્સપ્રેસ ટ્રેન ઈન્દોરથી અમદાવાદના અસારવા જઈ રહી હતી. હિંમતનગર જીઆરપી પોલીસ ટીમના ચેકિંગને લઈ અજાણ્યા શખ્સે થેલો બિનવારસી હાલતમાં છોડ્યો હોવાનું માનવામાં આવે છે. વીરભૂમિ એક્સપ્રેસ ટ્રેનના જનરલ કોચ પાસે બિનવારસી થેલો છોડી દેવાયો હતો. બિનવારસી થેલામાં એમ્ફેટાઈમાઈન અને મેથાએમ્ફેટામાઈન ડેરીવેટીવ્સ પ્રકારનો ૭૯૨.૧૧ ગ્રામ જથ્થો મળી આવ્યો, જેનું બજારમૂલ્ય ૭૯.૨૧ લાખ રૂપિયા થાય છે.



થેલામાં કપડાની નીચે સંતાડીને ડ્રગ્સની હેરાફેરી કરાતી હતી. રેલવે પોલીસે સીસીટીવી અને ટિકિટ આધારે ડ્રગ્સની હેરાફેરી કરનારને ઝડપવા કાર્યવાહી કરી હતી. આના પરથી જણાય છે કે પોલીસની ધોંસ હવે વધી ગઈ છે. હવે ફક્ત નાર્કોટિક્સ વિભાગ જ નહીં રેલવે પોલીસ પણ ડ્રગ્સની હેરાફેરીને લઈને સાબદી બની ગઈ છે. આગામી દિવસોમાં આ પ્રકારના વધુને વધુ કિસ્સા સામે આવે તો આશ્ચર્ય નહીં થાય.







